RNI No. GUJGUJ/2011/44815



વર્ષ : ૪

ડિસેમ્બર - ૨૦૧૫

કિંમત - રૂ.૧૦/-

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



# માતૃસંસ્થાની અટારીએથી...



## ચાલતા રહો.....
## ચરૈવેતિના વેદ વાક્યને જીવનસૂત્ર બનાવીએ....

સ્નેહી રઘુવંશી ભાઈ-બહેનો,

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ

નૂતન વર્ષ અને ત્યાર પછી જલારામજયંતી સહિતના સામાજિક પર્વોની ઉજવણી સાથે કાર્યનો આરંભ નવી ચેતના સાથે થઈ ચૂક્યો છે. સમયની સરી જતી રેતને સ્થગિત કરવાનું શક્ય નથી. સમયની સાથે કદમમિલાવવા એ જ એક ઉપાય છે.

મારા જન્મદિન નિમિત્તે મહાપરિષદના હોદ્દેદારો અને અન્ય અસંખ્ય જ્ઞાતિજનોએ ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવી એ મને ભાવવિભોર કરનારી ઘટના બની રહી. ક્યાંક એ દિવસ રક્તદાન શિબિરનું પણ આયોજન થયું. આવી શુભેચ્છાઓ કામના ઉત્સાહમાં વધારો કરે છે, એટલો જ મારે મન તેનો સાર છે. સાથોસાથ એ શુભેચ્છાઓમાં મારી પાસેથી કામની અપેક્ષાઓ પણ ગર્ભિત રીતે છૂપાયેલી હોય છે, એ પણ હું સમજું છું. મને એ વાતનો આનંદ છે કે એ દિવસે હું મુંબઈમાં મહાજનો વચ્ચે આપણા સમાજના કાર્યની ચર્ચા વિચારણામાં વ્યસ્ત હતો. એ રીતે મારો એ દિવસ અત્યંત સાર્થક બન્યો. તા. ૨૧ નવેમ્બરના રોજ કચ્છી મહાજન દ્વારા આયોજિત પરિચય મિલન તા. ૨૨ નવેમ્બરના રોજ ઘોઘારી લોહાણા મહાજન દ્વારા સ્નેહમિલન અને વિદ્યાર્થીઓને પુરસ્કારના સમારોહમાં, સમાજને જ મારો પરિવાર સમજી મેં મારા જન્મદિવસની ઉજવણીની સાર્થકતા અનુભવી.

નવેમ્બરની ૨૮મી તારીખે અમદાવાદ ખાતે મહાપરિષદના ઉપપ્રમુખો, વિભાગીય પ્રમુખો માટેના વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં અપેક્ષિત એવા લગભગ તમામ હોદ્દેદારોની ઉપસ્થિતિ ઉત્સાહવર્ધક બની રહી. સવારથી સાંજ સુધીના આ વર્કશોપની કાર્યવાહી અને તેમાં થયેલી ચર્ચા-વિચારણાએ એક વાત સ્પષ્ટ કરી દીધી કે રઘુવંશી સમાજના ઉત્કર્ષના કામ માટે સૌ ખૂબ ગંભીર છે અને હવે તેમાં કોઈ પાછી પાની કરવા ઇચ્છતું નથી. આપણા સમાજના કાર્ય માટે સમય અને શક્તિનું સમર્પણ કરવાની સૌની તૈયારી અને તત્પરતા છે. સમાજના કાર્યને વધુ સારી રીતે કેવી રીતે કરી શકાય એ માટે સૌ વિચારતા થયા છે. આ માનસિક કવાયત એ આપણા સમાજ માટે સારી નિશાની છે, શુભ સંકેત છે. કામનો આરંભ થયો છે ત્યારે કોઈ તેમાં સુસ્ત ન બને તેની પરસ્પર કાળજી રાખતા થયા છે. કામ પ્રત્યેની નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સૌની સાથેની અંગત વાતચીતમાં સતત અનુભવાતી રહે છે. આગામી દિવસોમાં સમાજ કાર્યના અનેક આયોજનો આવી રહ્યાં છે તેને માટે કોઈને કંટાળો નથી. સમાજનું કાર્ય એ કોઈને બોજ નથી લાગતો. જવાબદારીને નિભાવવાની તાલાવેલી ઉપરાંત પોતાને સોંપાયેલા કામની અગ્રતા કેવી અને કેટલી છે તેનું ચિંતન થવા લાગ્યું છે. સૌને એમ લાગે છે કે તેમને સોંપાયેલ કાર્યક્ષેત્ર એ સમાજના હિત માટે સૌથી વધુ મહત્ત્વનું અને તાકીદનું કરવા જેવું કામ છે. સૌની રજુઆતમાં આ જુસ્સો જોવા મળતો હતો. આવી સક્રિયતા એ માત્ર ક્યારેક જોવા મળતી પ્રાસંગિક ન બની રહેતાં સ્થાયી સ્વભાવ બને એવા પ્રયાસ કરવા પડશે. રઘુવંશી સમાજના કાર્યને જીવનનો એક હિસ્સો બનાવીએ ત્યારે તેમાં સફળતા મળશે. એક વ્યક્તિની સક્રિયતા બીજા અનેકને સક્રિય બનવા માટે પ્રેરણા પૂરી પાડશે.

ડિસેમ્બર એ ઇસવીસનના ૨૦૧૫ના વર્ષનો આખરી મહિનો છે. આગામી જાન્યુઆરી ૨૦૧૬થી નવા વર્ષનો આરંભ થશે. દિવસો જાણે ઝડપથી પસાર થઈ રહ્યા છે. ૨૦૧૬ના એપ્રિલ સુધીના કાર્યના આયોજનો અને તેની રૂપરેખા ઘડાઈ ગઈ છે. આપણે અણથક ચાલતા રહેવાનું છે. ચરૈવેતિ..... ચરૈવેતિ.... એવા વેદ વાક્યને જીવનનું સૂત્ર બનાવીએ.

તા. ૨ ડિસેમ્બરના રોજ અમારા કુટુંબી ભાઈ શ્રી મધુભાઈ કોટકનું આકસ્મિક અવસાન થયું હોવાથી લગ્નની આ મોસમમાં ઘણા બધા અંગત પરિવારોના લગ્નપ્રસંગે હાજર નહીં રહી શકવા બદલ દિલગીરી સાથે તમામ રઘુવંશી નવદંપતીઓને શુભેચ્છા તથા આશીર્વાદ

આપનો શુભચિંતક,
**પ્રવિણ ટી. કોટક**
**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૪
ડિસેમ્બર - ૨૦૧૫
અંક : ૪૯
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરૂણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (રાયપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-


સળંગ વર્ષ : ૧૭ સળંગ અંક : ૨૦૭

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| દિવ્ય વિભૂતીને | ૩ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| ગાવો વિશ્વસ્ય માતરઃ | ૫ |
| થેલેસેમિયા નાબૂદી અભિયાન | ૬ |
| અનામત : દુષણ, ભૂષણ કે આભૂષણ ? | ૭ |
| અમદાવાદ ખાતે યોજાયેલ વર્કશોપ : અહેવાલ | ૮ |
| મુંબઈ ખાતે યોજાયેલ વિભાગીય હોદ્દેદારોની મીટીંગનો અહેવાલ | ૧૬ |
| સમસ્ત લોહાણા જ્ઞાતિપરિચય મિલન સમારંભ | ૧૭ |
| કાર્યાલય સમાચાર | ૧૮ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| શાબાશ રઘુવંશી - હાર્દિક અભિનંદન | ૨૨ |
| જાહેરાત સૌજન્ય : હરીશ ઠક્કર | ૨૪ |



## દિવ્ય વિભૂતિને આપેલા વચનની ઉપેક્ષા ના કરશો

વીરપુરમાં એક ભરવાડણ બાઈ રહે. નામ એનું ગલાલ. જલાબાપાને એ ભાઈ કહીને બોલાવતી અને જલાબાપા પણ એને પોતાની સગી બહેન જ માને. આખરી અવસ્થામાં જલાબાપા માંદા પડ્યા અને ખાટલો પકડી લીધો ત્યારે આ ગલાલ રોજ જલાબાપાની ખબર કાઢવા આવે અને બાપાને કહે પણ ખરી કે તમે ઠાકર મા'રાજને કહેતા કેમનથી કે મારે માથે આવાં દખ કેમ? જલાબાપા કહેતા કે કરમ પીડા બધી અહીં જ ભોગવી લેવી. એમાં મારા ઠાકરને તકલીફ ના દેવાય.

એક દી ગલાલે જલાબાપા પાસે આવીને કહ્યું કે ઉમરાળીથી રૂપાભાએ તેડાવી છે. તેડાગરને મોકલ્યો છે ને કહ્યું છે કે આજને આજ મારે મોઢે થઈ જાજે. એટલે તમે ક્યો તો એક રાત ઉમરાળી જઈ આવું.

જલાબાપાએ કહ્યું કે જઇ આવ બુન, પણ જોજે, એક રાતથી વધુ રોકાતી નંઈ.

ગલાલ ઉમરાળી ગઈ. બીજા દિની સવારે ગલાલે રજા માગી. જલાબાપાની માંદગીની ચિંતા પણ જણાવી. પણ ભાઈનો જીવ છે. ઘણા દીએ આવેલી બેનને તાણ કરીને એક રાત વધુ રોકી રાખી.

અહીં વીરપુરમાં જલાબાપાએ આખરી શ્વાસ લીધા અને સ્વર્ગે સીધાવ્યા. સંવત ૧૯૩૭ના મહાવદી દસમને બુધવારનો એ દિવસ. બાપાની સ્મશાન યાત્રામાં વીરપુરને આસપાસના પંથકનું લોક ઉમટી પડ્યું.

ગલાલ ઉમરાળીથી વીરપુર આવવા નીકળી. વીરપુર થોડુંક છેટું હતું ને બાપા એને સામે મળ્યા. ગલાલ કહે, અરે ભાઈ એક દી મોડી પડી એમાં સામે લેવા આવ્યા. આવી માંદગીમાં. બાપા કહે મને થયું કે ગલાલ રસ્તામાં જ હશે. તાપ છે એટલે પાણી પાવા આવ્યો છું. તું હાલીને થાકી હોઈશ. બાપાએ ભંભલીથી ટાઢું પાણી પાયું. ને પછી ગલાલને કહે તું ધીમે ધીમે આવજે હું જાઉં. મારે ઝુંડીયાને જમાડવાના છે. બાપા ઊભા થયા ત્યાં કચરાભાઈ ડોબરિયા સાંઠી વીણતા નીકળ્યા. એમણે હોકારો પણ દીધો, કાં ભગત અટાણે આમકેમના ?

ગલાલે કહ્યું, બાપા સામા મને તેડવા આવ્યા. એક દી વધુ રોકાઈ ગઈ એમાં.

બાપા તો ઉતાવળે હાલતા અદૃશ્ય થઈ ગયા. પણ ગલાલ ધીમે ધીમે ચાલતી વીરપુરને પાદર પહોંચી ત્યાં મસાણમાં ચેહ બળતી જોઈ એટલે પૂછી નાખ્યું - આ કોની ચેહ બળે છે ?

તે, ગલાલ તને ખબર નથી. જલાબાપા સીધાવી ગયા.

ગલાલ કહે, ના હોય. ઇ તો મને હમણા પાણી પાઈ ગયા.

અરે બુન, આ હું ન્યાથી જ આવું છું. આ ખભે ફાળિયું જો.

- અને ગલાલે તો જલાબાપાના નામની ચીસ પાડીને હૈયાફાટ રૂદન કર્યું. બધાએ માંડ સમજાવી ચેહ પાસે લાવી તેના હાથ ચેહમાં નાળિયેર પધરાવ્યું.

એ પછી તો ગલાલ જીવી ત્યાં સુધી વલોપાત કરતી રહી, ભાઈનું વચન મેં નો પાળ્યું પણ એણે વચન રાખ્યું. મને મળવા આવ્યો !

દિવ્ય પુરૂષ અને મહાન વિભૂતિએ કહેલા શબ્દો અને આપણે તેમને આપેલ વચનને કોઈ દી હળવાશથી લેવા નહીં. નહીં તો ક્ષણભરમાં જીવન-મરણ જેટલું છેટું પડી જાય. ગલાલબેન જેવી કૃપા બધાને નસીબ નથી હોતી.

# શ્રી રઘુકુળ વિશ્વ – એક નવી મંજિલ

''શ્રી રઘુકુળ વિશ્વ''ના અચ્છે દિન આવી રહ્યા છે.... શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ શ્રી રઘુકુળ વિશ્વને સ્થિર અને નિયમિત બનાવ્યું તે પછી હવે શ્રી રઘુકુળ વિશ્વને રઘુવંશી લોહાણા સમાજના ઘેર ઘેર પહોંચાડવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ વાતને શ્રી લોહાણા મહાપરિષદના તમામ હોદ્દેદારોએ ગંભીરતાથી લીધી છે. શ્રી લોહાણા મહાપરિષદની તમામ બેઠકો અને સમારોહમાં શ્રી રઘુકુળ વિશ્વનો વિષય અવશ્ય ચર્ચામાં આવે છે. આ પહેલાં ક્યારેય સંસ્થાના આ મુખપત્ર પર આટલું ફોકસ કરવામાં આવ્યું નહોતું. સમાજની જાગૃતિ માટે આ એક સારી નિશાની છે. આખરે તો આ મુખપત્ર એ રઘુવંશી સમાજની જાગૃતિનું એક સબળ અને સક્ષમ માધ્યમછે. આ સામાયિક એક તરફ શ્રી લોહાણા મહાપરિષદની કાર્યવાહી અને તેના નિર્ણયો નિશ્ચય સમાજ સુધી પહોંચાડવા માટે સેતુરૂપ કામગીરી કરે છે તો બીજી બાજુ રઘુવંશી સમાજના પ્રવાહોનું પ્રતિબિંબ તેમાં ઝીલાય એવો પ્રયત્ન પણ કરવાનો છે.

પ્રત્યેક બેઠકમાં શ્રી રઘુકુળ વિશ્વ માટે ઝુંબેશની વાત થાય છે ત્યારે તેના વિશે સૂચનો પણ થતાં રહે છે. આપણે તેને લક્ષ્યમાં લઈને શ્રી રઘુકુળ વિશ્વના કલેવરમાં યોગ્ય ફેરફારો કરવાનું પણ વિચાર્યું છે. આખરે તો આ સામાયિક સમાજ માટે છે. એટલે રઘુવંશી સમાજના પ્રત્યેક પરિવારને અને પરિવારના પ્રત્યેક સભ્યને ઉપયોગી અને તેમને પસંદ પડે તેવી સામગ્રી આપવાના સૂચનો થયા છે. સાથોસાથ આપણી નવી પેઢી જે દિશામાં જઈ રહી છે તેને લક્ષ્યમાં રાખીને સામાયિકમાં દરેક અંકમાં કેટલાંક પાનાં અંગ્રેજીમાં આપવાનું સૂચન થયું છે. તેને પણ લક્ષ્યમાં રહીને યોગ્ય વ્યવસ્થા વિચારીશું. સાથોસાથ રઘુવંશી સમાજમાં નવા વિચારોને સ્થાન મળે સમાજમાં પરંપરાગત વિચારોની સાથે આધુનિકતા વિચારો અને પ્રવાહોનું સંતુલન જળવાય અને સમાજના પ્રત્યેક વર્ગના યોગક્ષેમની ચિંતા કરવામાં આવે એ જ આપણું લક્ષ્ય છે. આ પ્રયાસ સહિયારો બની રહે એવું ઇચ્છીએ છીએ. આપણા સમાજના પ્રતિભાશાળી દિગ્ગજ લેખકો, પત્રકારો, ચિંતકો, ઇતિહાસકારો, કવિઓ, શિક્ષણકારો અને અન્ય અનેક ક્ષેત્રમાં કામ કરતા બૌદ્ધિકોને પણ શ્રી રઘુકુળ વિશ્વ સાથે સાંકળવાનો દૃષ્ટિકોણ રાખીને ચાલીએ છીએ.

રઘુવંશી સમાજની અન્ય તમામ સંસ્થાઓની માફક શ્રી રઘુકુળ વિશ્વ પણ પગભર અને આત્મનિર્ભર બને એ દિશામાં સૌ ચિંતા કરતા થયા છે એ પણ એક સકારાત્મક પાસું છે. શ્રી રઘુકુળ વિશ્વના ફેલાવાની સાથે તેમાં આવકના સ્રોત ઊભા થાય તેને માટે પણ અનેક સૂચનો થયા છે અને થતાં રહે છે. એ સૂચનો પણ સમાજ સુધી પહોંચે એવી વ્યવસ્થા થશે આ સામાયિકમાં જ એ માટે અન્યત્ર તેને સ્થાન અપાશે. આપ સૌ શ્રી રઘુકુળ વિશ્વના વાચકો પણ આ પ્રયત્નમાં સામેલ થઈને સૂચનો કરી શકો છો. અન્ય કોઈપણ રીતે ઉપયોગી બની શકો છો. એ માટે શ્રી રઘુકુળ વિશ્વના યોગ્ય વ્યક્તિ અથવા કાર્યાલયનો સંપર્ક સાધી શકાય તેમજ ઇમેલ અને વેબસાઈટ મારફતે પણ સંપર્ક કરી શકાય.

રઘુવંશી લોહાણા સમાજની વિચારવાની દિશા સકારાત્મક રહે તેને માટે પણ શ્રી રઘુકુળ વિશ્વ ઘણું પ્રદાન આપી શકે તેમછે. એ વાત પણ સૌના ધ્યાનમાં છે. એટલે વૈચારિક રીતે પણ સમાજને માર્ગદર્શક બનવાની ભૂમિકા ભજવવાની સામાયિકની નેમછે. સમાજ જ્યારે શૈક્ષણિક, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી રહ્યો હોય ત્યારે માર્ગમાં અનેક અવરોધો પણ આવતા હોય છે. તેને માટે યુવા વર્ગ અને મહિલાઓને પણ યોગ્ય માર્ગદર્શન મળે તેવા પ્રયત્નો શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિશાળ પાયે શરૂ થઈ રહ્યા છે. આ પ્રયત્નોની ઝલક અને તેની વિચારસામગ્રી પણ આ સામાયિકમાં અપાય એવું વિચાર્યું છે. આગામી સમયમાં અનેકવિધ સ્થળોએ સેમિનારો પણ યોજાશે. શૈક્ષણિક માર્ગદર્શનના કાર્યક્રમો થશે. આ કાર્યક્રમોમાં વ્યક્ત થતાં વિચારોને પણ સામાયિકમાં સ્થાન મળે અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાત લોકો આ સામાયિકમાં તેમની તજજ્ઞતાનો લાભ આપે એવો પણ પ્રયત્ન કરીશું.

શ્રી રઘુકુળ વિશ્વનો ફેલાવો વધવાની સાથે તેના સંપાદક મંડળ અને સંચાલકોની જવાબદારીમાં પણ વધારો થવાનો છે એ વાત પણ અમારા ધ્યાન બહાર નથી. સંસ્થાના આ મુખપત્ર માટે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને તેમના પ્રયાસ અને આગ્રહથી જ અન્ય હોદ્દેદારો પણ સામાયિકની ચિંતા અને ચર્ચા કરતા થયા છે તેને આપણા સમાજનું એક સદ્‌ભાગ્ય ગણવું જોઈએ. શ્રી લોહાણા મહાપરિષદમાં થતી ચર્ચા અને ચિંતન વિશે અધિકૃત માહિતી મેળવવાનું અને તેને સમાજ સુધી પહોંચાડવાનું આખરે તો આ જ સક્ષમ માધ્યમછે. તેનો સારામાં સારો ઉપયોગ થશે તેવા સંકેત જોવા મળે છે. આ તમામ બાબતો સામાયિકના ઉજ્જવળ ભવિષ્યનો નિર્દેશ કરે છે. ટેક્નોલોજીના વિકાસની સાથે નવી પેઢી સાથે જીવંત સંપર્ક બની રહે તે માટે શ્રી રઘુકુળ વિશ્વને ઓનલાઈન મુકવાની પણ વિચારણા છે. આશા છે કે આ તમામ પ્રયાસોને સૌનો ઉમળકાભેર આવકાર મળશે અને એવો જ પ્રતિસાદ સાંપડશે.

**તરુણ દત્તાણી**
**તંત્રી**

# ગાવો વિશ્વસ્ય માતર

**ગાય સમગ્ર વિશ્વની માતા છે. ગાય બચશે તો જ આપણે બધા બચશું. ગૌમાતાની રક્ષા કરવી એ વિર દાદા જશરાજજીના વંશજ એવા રઘુવંશનું પરમ કર્તવ્ય.**

**સમગ્ર વિશ્વના ૨૫ લાખથી વધુ રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા ટીમ રાજકોટ ખાતે શ્રીજી ગૌશાળાની મુલાકાત લઇ ગૌવંદના કરી**

ગૌમાતા એ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. ગૌ, ગીતા અને ગંગાનો મહિમા આપણા પૂર્વજો, રાજવીઓ, ઋષિમુનિઓ, ધર્માધિકારીઓ વર્ષોથી કહેતા આવ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી શ્વેતક્રાંતિથી વિદેશી સંકર ગાયોના આક્રમણથી આપણી ગૌમાતા અને તેની આર્થિક ઉપયોગિતા સામે પ્રશ્ન ઊભો થયો હતો. પરંતુ આપણી ગૌમાતાના દૂધમાં રહેલા એ-૨ પ્રોટીન, સેરેબ્રોસાઈડ્સ, સુવર્ણ અને અન્ય ઉપયોગી ક્ષારતત્વો તથા ક્લાઈમેટ ચેન્જની અસરોમાંથી ધરતી પરનું તાપમાન વધી રહ્યું છે, તેનાથી આપણી ભારતીય કુળની ગાયોની ઉપયોગિતા વિશ્વમાં દિન પ્રતિદિન વધી રહી છે.

છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત ૧૭૫૦થી વધુ ગાયોની હાજરીમાં, ૪ એકરમાં ફેલાયેલું તેમજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રેષ્ઠ ગૌશાળાનો એવોર્ડ પ્રાપ્ત ગૌતીર્થ એટલે શ્રીજી ગૌશાળા. અત્યાર સુધીમાં ૫ લાખ લોકોએ રૂબરૂ મુલાકાત લઈ અને ૭ લાખ દર્દીઓની ગૌમુત્ર ચિકિત્સા પદ્ધતિથી નિ:શુલ્ક વૈદકીય સારવાર – ગીર ગાયનું સંવર્ધન અને જૈવીક ખેતીના ઉત્પાદન માટે વિદ્યાર્થી અને ખેડૂતોને જ્ઞાન વિજ્ઞાનની જાણકારી આપતી સંસ્થા એટલે શ્રીજી ગૌશાળા. સમગ્ર વિશ્વના ૨૫ લાખથી વધુ રઘુવંશીઓનું પાટનગર એટલે રાજકોટ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પ્રમુખ બન્યા બાદ પ્રથમવાર રાજકોટની અનેકવિધ જ્ઞાતિસંસ્થાઓની મુલાકાત લેવા, શ્રેષ્ઠીઓના આશીર્વાદ મેળવવા રાજકોટની ટૂંકી મુલાકાતે આવ્યા હતા. પ્રવિણભાઈ કોટક તથા મહાપરિષદના યુવા, ઉત્સાહી મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા ટીમે સૌપ્રથમ રાજકોટની ભાગોળે આવેલા, વિશ્વ પ્રસિદ્ધ ગૌતીર્થ શ્રીજી ગૌશાળાની ગૌ ભૂમિની ગૌવંદના કરી, ગૌમાતાને ગોળ ખવડાવ્યો હતો. સમગ્ર રઘુકુળના સરતાજ, લોહર પ્રદેશના અંતિમ મહારાણા તેમજ ગૌરક્ષા ખાતે લગ્નમંડપ પણ પડતો મૂકીને શહીદી વ્હોરનાર લોહરાણા વીરદાદા જશરાજને શ્રદ્ધાસુમન પ્રવિણભાઈ કોટકે ગૌભૂમિના ચરણ સ્પર્શ કરીને આપ્યા હતા. શ્રીજી ગૌશાળા વતી પ્રવિણભાઈ કોટકનું ગૌમાતાની પ્રતિમા આપીને અભિવાદન શ્રીજી ગૌશાળાના રમેશભાઈ ઠક્કરે કર્યું હતું. આ તબક્કે શ્રીજી ગૌશાળા વતી પ્રભુદાસભાઈ તન્નાએ પ્રવિણભાઈ કોટક તથા હિમાંશુભાઈ ઠક્કરનું ખેસ પહેરાવીને અભિવાદન કર્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત પ્રમુખ પ્રવિણભાઈ કોટકના ગૌતીર્થ ગૌશાલા ખાતેના સાદગીપૂર્ણ છતાં ગૌરવશાળી પ્રવાસનું સંકલન વિશ્વ લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી શ્રી મિતલ ખેતાણીએ કર્યું હતું.





ગૌ માતાને ભારતીય સંસ્કૃતિની સંવર્ધક માનવામાં આવે છે. ગાય માતાની પૂજા સેવાથી અનેક પ્રકારનાં મનોરથો સિદ્ધ થતા હોવાનું શાસ્ત્રોમાં કહેવાયું છે અને અનુભવાયું છે. આપણા વિસ્તારમાં જ્યાં પણ નજીકમાં ગૌશાળા હોય ત્યાં કોઈ ને કોઈ પ્રકારે યથાશક્તિ ગૌસેવા થાય તો તે પરિવાર માટે કલ્યાણકારી બની રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સંકલન : મિતલ ખેતાણી (સંયુક્ત મંત્રી)



# થેલેસેમિયા નાબૂદી અભિયાન

**તા. ૧૭-૧૧-૨૦૧૫ તથા તા. ૧૮-૧૧-૨૦૧૫ના રોજ સમાજની જુદી જુદી સંસ્થાઓ દ્વારા ''જલારામ જયંતિ''ની ઉજવણીનાં કાર્યક્રમો થયા હતા સાથોસાથ થેલેસેમિયા નાબુદી અભિયાનના ભાગરૂપે થેલેસમિયા ટેસ્ટ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.**

**ભુજ :** શ્રી ભુજ લોહાણા મહાજન તથા શ્રી અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના – કચ્છ ઝોન દ્વારા ''નિ:શુલ્ક મેગા થેલેસેમીયા પરિક્ષણ કેમ્પ તથા જાગૃતિ અભિયાન''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૭૭ થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. સવારના ૧૦ વાગ્યાથી આ કાર્યક્રમ ચાલુ થયો હતો તે રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. આ કેમ્પના આયોજનમાં ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઠક્કર, ઉપપ્રમુખ સુરેશભાઈ ઠક્કર તથા શ્રી અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાનાં પ્રમુખ મયંક રૂપારેલ, ઉપપ્રમુખ અમીત ચંદે તથા મંત્રી મેહુલ કોટક તથા સમગ્ર ટીમે સક્રિય કામગીરી કરી હતી. લોહાણા મહાપરિષદનાં યુવા સમિતિનાં પ્રમુખ ધવલભાઈ આચાર્ય, અખિલ કચ્છ લોહાણા મહાજનનાં મહામંત્રી મહેન્દ્રભાઈ ઠક્કર તથા સામાજિક અગ્રણીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપેલ હતી.

**જુનાગઢ :** શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ, શ્રી ગાંધીગ્રામ લોહાણા મંડળ તથા શ્રી વિરબાઈ મા મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮–૧૧–૨૦૧૫ને બુધવારે શ્રી જલારામ જયંતિ મહોત્સવ ઉજવણીના ભાગરૂપે થેલેસેમીયા પરિક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૬૫૩ ટેસ્ટ થયા હતા.

આ કેમ્પનાં આયોજનમાં શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રો.પી.બી. ઉનડકટ તથા વિરબાઈ મા મહિલા મંડળના પ્રમુખ શ્રી પૂજાબેન કારીયા તેમજ અરવીંદાબેન ઠકરાર, લતાબેન લાખાણી, નીતાબેન મજેઠીયા, કાજલબેન લાખાણી તથા હંસાબેન રાયઠઠ્ઠા તથા શ્રી ગાંધીગ્રામ લોહાણા મંડળની સમગ્ર ટીમે સક્રિય કામગીરી કરી હતી. આ પ્રસંગે આયોજક સંસ્થાના વિશેષ આમંત્રણને માન આપી અમદાવાદથી શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢીયા તથા શ્રી ભરતભાઈ ઉનડકટ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ મશરૂ તથા શ્રી જુનાગઢ લોહાણા મહાજનના પ્રમુખશ્રી ગીરીશભાઈ કોટેચા આ કાર્યક્રમને સફળ બનાવવા મદદરૂપ થયા હતા.

તા. ૨૯–૧૧–૨૦૧૫ને રવિવારના રોજ રાજા–રાજાણી પરિવાર દ્વારા જુનાગઢ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૨૮ ટેસ્ટ થયા હતા. કેમ્પના આયોજનમાં રાજા પરિવાર સાથે પુજાબેન કારીયાએ સક્રિય કામગીરી કરી હતી.

**સુરત :** શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ''થેલેસેમીયા નિદાન કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૫૦ ટેસ્ટ થયા હતા.

**નવસારી :** શ્રી નવસારી લોહાણા મહાજન દ્વારા ''થેલેસેમીયા ટેસ્ટ કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૬૭ ટેસ્ટ થયા હતા. સુરત અને નવસારી કેમ્પનાં આયોજનમાં જલારામ સેવા સમાજ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ધનવાનભાઈ કોટક તથા તેમની ટીમે સક્રિય કામગીરી કરી હતી.

**પાટણ :** શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, આશીર્વાદ ફાઉન્ડેશન તેમજ રોટરી ક્લબ ઓફ પાટણનાં સંયુક્ત ઉપક્રમે ''થેલેસેમીયા ફ્રી ચેકઅપ કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૪૨ ટેસ્ટ થયા હતા. આ સમગ્ર પ્રોગ્રામનાં આયોજનમાં કમલેશભાઈ ઠક્કર, ધનરાજભાઈ ઠક્કર, ડૉ. સતિષભાઈ ઠક્કર, ચેતનભાઈ ઠક્કર તથા તેમની ટીમે સક્રિય કામગીરી કરી હતી.

**રાજકોટ :** રઘુકુળ યુવા સમાજ દ્વારા તા. ૨૦–૧૦–૨૦૧૫ના રોજ થેલેસેમીયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૬૪ ટેસ્ટ થયા હતા. તા. ૧૮–૧૧–૨૦૧૫ના રોજ શ્રી જલારામ સેવા સમિતિ દ્વારા અવિવાહિત યુવક – યુવતીઓ તથા બાળકો માટે થેલેસેમીયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૬૫ ટેસ્ટ થયા હતા. આ બન્ને કેમ્પનાં આયોજનમાં રઘુકુળ યુવા સમાજની ટીમ તથા શ્રી જલારામ સેવા સમિતિની ટીમની સાથે શ્રી મિતલભાઈ ખેતાણીએ સક્રિય કામગીરી કરી હતી.

**ગાંધીધામ :** આદીપુર : તા. ૧૮–૧૧–૨૦૧૫ના રોજ શ્રી ગાંધીધામ લોહાણા મહાજન તથા શ્રી આદીપુર લોહાણા સમાજ દ્વારા ''થેલેસેમીયા નિ:શુલ્ક ચેકઅપ કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીધામમાં ૫૮ ટેસ્ટ થયા હતા જ્યારે આદીપુરમાં ૫૦ ટેસ્ટ થયા હતા.

**જે પણ સંસ્થાઓ / મહાજનો એ થેલેસમીયા ટેસ્ટ કેમ્પનું આયોજન કર્યુ તેઓને ખૂબ ખૂબ અભિનંદન.**

**આપણું કામ થેલેસેમીયા ટેસ્ટ કેમ્પ કરવાથી પૂરૂં નથી થઈ જતું. કેમ્પ દ્વારા કરવામાં આવતા ટેસ્ટના રીપોર્ટમાં જેટલા પણ રીપોર્ટ પોઝીટીવ (માઈનોર) આવે તેઓ માટે ''કાઉન્સેલીંગ સેશન પ્રોગ્રામ'' પણ કરવો જરૂરી છે**

**''કાઉન્સેલીંગ'' પ્રોગ્રામ કરવા માટે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી (ગુજરાત શાખા)નો સંપર્ક કરી શકો છો. તેઓની ટીમ આ અંગે આપને સંપૂર્ણ માર્ગદર્શન આપશે.**

સંકલન : શ્રી અલ્પેશ જોબનપુત્રા

# અનામત : દુષણ, ભૂષણ કે આભૂષણ ?

## (નિબંધ સ્પર્ધાના અનુસંધાને)

હિન્દુ ધર્મમાં વૈદિક કાળ દરમ્યાન વેદના રચયીતાઓએ સમાજને વ્યવસાયને ચાર વર્ણો – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રમાં વર્ગીકૃત કરેલ પરંતુ કાળક્રમે આ વર્ણ વ્યવસ્થા જન્મના આધારે ચુસ્ત (Rigid) બની ગઈ. કર્મકાંડ, આભડછેટનું મહત્વ વધવા લાગ્યું. અસ્પૃશ્યોને તમામ માનવીય સવલતો, અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા. અસ્પૃશ્યતાની માનસિક વિકૃતિથી બર્બર અત્યાચારો અને શોષણ થવા લાગ્યું. પોતાના વર્ણ સિવાયના અન્ય વ્યવસાયો પર પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા. તેઓ સવર્ણને અડકી ન શકે કે સવર્ણના કૂવે પાણી પણ ન ભરી શકે. હજારો વર્ષથી તેમના સાથે કૂતરાં–બિલાડીથી હીન વ્યવહાર થતો રહ્યો.

આમ હિન્દુ સમાજમાં પ્રવર્તમાન જાતિગત વ્યવસ્થાથી ઊભી થયેલ અસ્પૃશ્યતા, અવહેલના, અપમાન, અન્યાય, શોષણ વગેરે કારણે સહન કરતા અને વિકાસની તકોથી વંચિત રહી ગયેલા શોષિત, વર્ગને મુખ્ય ધારામાં સમરસ કરવાના પ્રયાસો છેક ૧૯૩૫થી શરૂ થયા. આઝાદી પછી ૧૯૫૦માં બંધારણમાં તેની જોગવાઈ કરી તેને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું. ઊડીને આંખે વળગે તેવી આ બંધારણની ખાસ વાત એ છે કે તેમાં આર્થિક પછાતપણાની વાત કરવામાં નથી આવી. માત્ર વિકાસની તકોના પછાતપણાની જ વાત છે. ટૂંકમાં દોડવાની રેખા પર તમામને સાથે રાખવા. પછી કોઈ આગળ નીકળી જાય કે કોઈ પાછળ રહે. અલબત્ત, બંધારણે એવી જોગવાઈ કરી છે કે દર દસ વર્ષે સંસદે તેની સમીક્ષા કરી જરૂર જણાય તો તેને લંબાવવી. પરંતુ પક્ષીની આંખની જેમ મતપેટી પર નજર રાખી બેઠેલા આપણા રાજકારણીઓની દાનત આ બાબતમાં સારી નથી.

અન્ય દષ્ટિકોણથી જોઈએ તો આપણી અનામત પ્રથા તકોનું સર્જન કરતી નથી પણ લાયકાત ધરાવનાર પાસેથી તક આંચકીને માત્ર જન્મના આધારે અન્યને આપે છે અને જન્મના આધારે ઉચ્ચ શિક્ષણ કે નોકરીને આધારે અનામતનો લાભ લઈ તે લાભ વારસદારોને આપતા રહે છે. ક્રીમી લેયરમાં પણ મર્યાદા ઘણી ઊંચી હોઈ, બીન–અનામત વર્ગની તકોમાં બાધારૂપ થાય છે. તેમાં વળી રોસ્ટર સીસ્ટીમ એક વધુ હરડલ ઊભી કરે છે. આમ ૯૦ ટકા કરતા વધારે માર્કસ લાવનારને એડમીશન મળતું નથી જ્યારે ૭૦ ટકા કે તેથી ઓછા માર્કસ લાવનાર અનામત કેન્ડીડેટ સારામાં સારી સંસ્થામાં આસાનીથી ગોઠવાઈ જાય છે. આવી જ પરિસ્થિતિ નોકરી મેળવવામાં અને નોકરી મળી ગયા પછી પ્રમોશન મેળવવામાં પ્રવર્તે છે.

થોડા વખત પહેલાં થયેલ ગુર્જર આંદોલન અને હાલમાં ગુજરાતમાં ચાલી રહેલ પાટીદાર આંદોલન ઉપરોક્ત અન્યાયી પરિસ્થિતિની જ દેન છે અને કુલ વસ્તિના ૧૩ ટકા હિસ્સો ધરાવતા, વ્યવસાયિક રીતે વેલ–સેટલ્ડ પાટીદારો (અલબત્ત, આમાં અપવાદ જરૂર હશે) જો અનામતની માંગ કરે તો અન્ય જ્ઞાતિઓ જેવી કે રાજપૂત, બ્રાહ્મણ, લોહાણા કે જેઓ પાટીદારો કરતાં ઓછા ઓર્ગેનાઈઝ્ડ સાધન સંપન્ન છે તેઓ અનામતની માગમાં શા માટે પાછળ રહે ? સાધનસંપન્ન જૈન લોકો તો તેમની વાણિયાગત વાપરી એક પણ ઉપવાસ કે આંદોલન કર્યા વગર લઘુમતી કોમમાં ગોઠવાઈ ગયા છે અને વધુ જ્ઞાતિઓને સરકાર અનામતનો લાભ આપે તો હાલ જે જ્ઞાતિઓ અનામતનો લાભ લ્યે છે તેમનો ગરાસ ઓછો થઈ જાય તેથી તેઓ પ્રતિ આંદોલનના શસ્રો સજાવી રહ્યા છે. ટૂંકમાં પરિસ્થિતિ વર્ગ–વિગ્રહ તરફ વળાંક લઈ રહી છે જે મતબેંકના ચશ્માંમાંથી જોતા આપણા રાજકારણીઓને દેખાતી નથી.

આપણા દેશના દૂરંદેશી પ્રથમ વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુએ ૨૭ જૂન, ૧૯૬૧ના રોજ મુખ્યમંત્રીઓને લખેલો પત્ર બહુ જ સ્પષ્ટ છે. (સંદર્ભ – Letters to Chief Ministers - 1947 - 64; Volume - 5, Oxford University Press, 1989) Page 456-7.

''અનામતનો હું સખત વિરોધી છું. ઓછી આવડતથી પેદા થતી હલકી ગુણવત્તા હું ચલાવી નહીં લઉં. આપણે કોમ અને જાતિના ધોરણે અનામતો આપીશું, તો હોંશિયાર અને ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓને મોટો અન્યાય થશે અને આપણે પોતે નબળા પડી જઈશું. આમાં મને મૂર્ખામી જ નહીં, દેશનું પતન પણ દેખાઈ રહ્યું છે...''

દીર્ઘદ્રષ્ટા પંડિત નહેરુના આ શબ્દો કેટલા સાચા હતા !

બીજા એક કાર્યદક્ષ (અ) ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ પણ કહ્યું હતું ''અનામત જેવી કાંખઘોડી જેમ બને તેમ જલ્દી હટાવી લેવી જોઈએ.''



**એમ.ડી. કક્કડ**
દ્વારકા
મો. ૯૯૯૮૨૧૨૮૪

## હાર્દિક અભિનંદન

શ્રી રઘુકુળ વિશ્વના સપ્ટેમ્બર માસના અંકમાં પ્રસિદ્ધ થયા મુજબ નિબંધ સ્પર્ધા - અનામત દૂષણ, ભૂષણ કે આભૂષણ ? વિષય પર ઘણી બધી કૃતિઓ પ્રાપ્ત થયેલ છે જે અંતર્ગત દ્વારકાના શ્રી એમ.ડી. કક્કડની કૃતિ શ્રેષ્ઠ પસંદગી પામેલ છે તે બદલ શ્રી રઘુકુળ વિશ્વની ટીમ તથા શ્રી લોહાણા મહાપરિષદના સર્વે હોદ્દેદારો હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે.

# શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો માટેનો વર્કશોપ યોજાયો

## તા. ૨૮-૧૧-૨૦૧૫, હોટલ નેમી રેસિડેન્સી, અમદાવાદ



વિક્રમ સંવતના નવા વર્ષના આરંભથી જ શ્રી લોહાણા મહાપરિષદના મહત્વાકાંક્ષી કાર્યક્રમોની શરૂઆત થઈ ગઈ છે. ૨૮ નવેમ્બર, ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ અને વિભાગીય ઉપપ્રમુખો, પ્રભારીઓ, પીઆરઓ તેમજ વિભાગીય મંત્રી માટેના એક દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ દેશભરમાંથી આવી પહોંચેલા હોદ્દેદારો ઉષ્માભર્યા વાતાવરણમાં હળવાશથી મળ્યા. અલ્પાહાર વગેરે પતાવીને વિધિવત્ બેઠકના પ્રારંભ માટે મળ્યા. દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદન પછી વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરનું સ્વાગત પ્રવચન થયું. આ તબક્કે શ્રી ઉમંગભાઈ ઠક્કરે સર્વે હોદ્દેદારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સૌને એક ઉદ્દેશ્ય સાથે સંકલન કરી કામ કરવાની હાકલ કરી હતી. ત્યારબાદ દેશભરમાંથી પધારેલા હોદ્દેદારો વતી પ્રતિકરૂપે સંયુક્ત મંત્રી સુશ્રી કાશમીરાબેન નથવાણીએ શ્રી પ્રવિણભાઈ કોટકનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે વર્કશોપના આયોજનની રૂપરેખા આપી અને હોદ્દેદારો પાસેની અપેક્ષાઓ તેમજ તેમની સામેના સંગઠનના પડકારોની પણ વાત કરી. તેમણે કહ્યું કે, પહેલાં આપણે એકત્ર થતા નહોતા હવે એકઠા થઈએ છીએ અને વિચાર પણ કરીએ છીએ. જનજનમાંથી મહાજન સર્જાયા અને મહાજનમાંથી મહાપરિષદનો આવિર્ભાવ થયો છે. આપણી પાસે ઘણાં પ્રોજેક્ટ છે, ઘણું કામ કરવાનું છે તેને માટે સક્રિય બનવાનું છે. સાથો સાથ પરસ્પર સદ્ભાવ અને સંગઠનને સાથે રાખીને ચાલવાનું છે. વિભાગીય પ્રમુખોનો આ વર્કશોપ એ તો એક આરંભ છે.તેના પછી સ્થાયી સમિતિઓના અધ્યક્ષશ્રી યુવાનો અને મહિલાઓ માટે પણ અલગથી વર્કશોપ યોજાશે ત્યારબાદ એ પછી બધાનો સામૂહિક ત્રણ દિવસનો વર્કશોપ નાસિકમાં થશે તેમાં બ્રેઇન સ્ટોર્મિંગ કહી શકાય તેવા પ્રકારની સમગ્ર અને સર્વાંગી ચર્ચા વિચારણા કરવાનું વિચાર્યું છે. ત્રણ દિવસ સાથે રહેવાનું થશે એટલે આપણે એકબીજાની વધુ નજીક આવીશું. પરિચય થશે અને વિધિવત્ કાર્યક્રમ ઉપરાંત અનૌપચારિક વાતચીતોનો દોર પણ ચાલશે. સંગઠન માટે આ બધું બહુ જરૂરી છે. આપણે જો એકબીજાને સમજીશું તો જ કામને આગળ ધપાવી શકીશું.



થેલેસેમિયા નાબૂદ થાય તેના પ્રત્યે પણ આપણે ધ્યાન આપી રહ્યા છીએ તેને માટે કાર્યક્રમો ચાલે છે અને સમાજમાં વધુ જાગૃતિ ફેલાય તે માટે આ રોગ વિશેની જાણકારી નિષ્ણાતો દ્વારા સમાજમાં પહોંચાડવાનું કાર્ય પણ કરવાનું છે. આપણે આ વિષયના નિષ્ણાતોની મદદ પણ મેળવી રહ્યા છીએ. એક હોસ્પિટલ કે જેમાં રઘુવંશી સમાજના લોકોને વિનામૂલ્યે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સારવાર મળી રહે તે માટે આયોજન થઈ રહ્યું છે. આ હોસ્પિટલનું સંચાલન મહાપરિષદ દ્વારા થશે. આમ સમાજને ક્યાં, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં ઉપયોગી થઈ શકીએ તેનો વિચાર સતત કરવામાં આવે છે. મેળાવડા, મિલન સમારંભો ઘણાં થયા હવે નક્કર કામગીરી કરવાનો સમય છે. આપણી પાસે સાધનસ્રોતો મર્યાદિત છે. ખર્ચ ઘણો છે એટલે આવકના સ્રોત પણ ઊભા કરવાના છે. આપણા સમાજ પાસે ઘણી સ્થાવર મિલકતો એવી છે કે જે બંધ પડી છે. મુંબઈમાં અને ગુજરાતમાં પણ અનેક જગ્યાએ આવી પ્રોપર્ટી છે જેને ઉપયોગમાં લઈએ તો કાયમી આવકના સાધન ઊભા થઈ શકે તેમ છે તેને અંગે પણ વિચારણા ચાલે છે.

આપણા સમાજમાં હવે અલગ અલગ વાડાઓને તાળાં મારવા છે હાલાઈ, ઘોઘારી, કચ્છી, ગુજરાતી વગેરે જેવા વિભાગો આપણા સમાજમાં છે તેના અલગ અલગ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ ચાલે છે તે ભલે ચાલતી રહે પરંતુ આ બધા સમાજો તેમના વાડા છોડીને એકત્ર થાય તેવા પ્રયાસ પણ કરવા છે એટલે કે લગ્ન પસંદગી મેળા હોય તો એ મેળા તમામ વાડાના લોકો માટે સંયુક્ત રીતે યોજાય એવું કાંઈક થવું જોઈએ. આ તો એક ઉદાહરણ છે. આવા નિમિત્ત ઊભા કરીને સમાજના તમામ રઘુવંશી વિભાગો વર્ષમાં એક કે બે વાર એક છત્ર નીચે, એક પ્લેટફોર્મ પર એકઠાં થાય, સંગઠનની ભાવના કેળવે એવું આયોજન કરવું છે.

શ્રી પ્રવિણભાઈ કોટકના આ પ્રેરણાદાયી માર્ગદર્શનને દીવાદાંડીરૂપ ગણીને વર્કશોપની કામગીરી આગળ ધપાવવામાં આવી. મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વર્કશોપના આયોજન વિશે પ્રાથમિક માહિતી આપી. એ પછી બીજા મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખોની જવાબદારી અને કામગીરીને સ્પષ્ટ રીતે રેખાંકિત કરી આપી. તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું કે, અમે મુંબઈમાં ડિસેમ્બર મહિનામાં લગ્નોત્સુક યુવક–યુવતીઓ માટે પરિચય મેળા કરીએ છીએ. મુંબઈમાં પહેલાં અલગ અલગ આયોજનો થતા હતા. હવે સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતના લોકો સાથે મળીને આવા આયોજન કરે એ દિશામાં આગળ વધીએ છીએ. મુંબઈ મહાનગર અતિ વિશાળ છે એટલે ત્યાં અલગ અલગ વિસ્તારોમાં અને



મહારાષ્ટ્રના અન્ય સ્થળોએ પણ આવાં પરિચય મેળા થાય છે. હવે આ બધાને સાથે રાખીને સંયુક્ત મેળા યોજવા માટે અમે પ્રયત્નશીલ છીએ.

મહાપરિષદમાં અલગ અલગ વિભાગોના ઉપપ્રમુખો નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપપ્રમુખોએ શું કરવું જોઈએ તેમની જવાબદારી શું તેમણે કયા પ્રકારે કામગીરી કરવાની છે એ બાબત આપણા મનમાં સ્પષ્ટ દૃષ્ટિકોણ અને રૂપરેખા હોવી જોઈએ. આપણું એટલે કે દરેક રીજીયન કહેતાં પ્રદેશના વિભાગીય ઉપપ્રમુખોનું કાર્ય જ્યાં મહાપરિષદ નથી પહોંચી ત્યાં મહાપરિષદના મેસેજને પહોંચાડવાનું છે. સૌથી પ્રાથમિક કક્ષાની છતાં અગ્રતાક્રમની આ કામગીરી છે જ્યાં સુધી મહાપરિષદના મેસેજને ઘરઘર સુધી નહીં પહોંચાડી શકાય ત્યાં સુધી આપણું કાર્ય અધૂરું રહેશે. અત્યારે લગભગ દરેક શહેર, નગર અને ગામોમાં આપણા મહાજનો કાર્યરત છે. ક્યાંક નિષ્ક્રિય પણ હશે જ્યાં ન હોય ત્યાં પણ આસપાસના બે-ત્રણ શહેરો મળીને એક માળખું ઊભું કરવું જોઈએ. મહાજન વિનાનું એક પણ સ્થળ ન હોય એવો પ્રયત્ન થવો જોઈએ. આવા તમામ મહાજનોને મહાપરિષદ સાથે જોડવાના છે. આપણા માટે એક પ્લસ પોઈન્ટ એ છે કે બીજી કોઈ જ્ઞાતિ કે કોઈ સમાજ પાસે નથી એવું સંગઠનનું માળખું આપણી પાસે છે. અન્ય સમાજો આપણા સંગઠનમાંથી પ્રેરણા લે છે. આપણે આપણા સંગઠનને વધુ કાર્યક્ષમ બનાવવાની જરૂર છે.

વિભાગીય કાર્યક્ષેત્રમાં મહાજનો અને અન્ય પ્રકારની સંસ્થાઓની કામગીરી સુચારુ રીતે ચાલે અને સતત કાર્ય માટે વિચારની પ્રક્રિયા ચાલતી રહે તેને માટે આપણે એક અલગ એડવાઈઝરી બોર્ડની રચના પણ કરવી જોઈએ. સમાજના અનેક સંપન્ન અને સક્ષમ લોકો એવા છે કે જેમનો ઉપયોગ સમાજકાર્ય માટે કરવાની જરૂર છે. તેને માટે આપણો અભિગમ એવો હોવો જોઈએ કે તેમની પાસે જેટલો સમય હોય એ સમયનો ઉપયોગ કરીએ. આવા વ્યસ્ત લોકો જો વર્ષમાં કે મહિને એક દિવસ કે થોડા કલાકો નિયમિત રીતે આપી શકતા હોય તો આપણે તેમના વિશેષ સમય માટે ખોટો આગ્રહ ન રાખતાં તેઓ જેટલો સમય આપી શકે તેમ છે એટલા સમયના ઉપયોગ કરવાનું વિચારીએ. તેમની શક્તિ, ક્ષમતા અને તેમની કુશળતાનો ઉપયોગ સમાજ માટે થાય એ જ આપણા માટે મહત્વનું છે. આ સંદર્ભમાં શ્રી પિયુષભાઈએ કોટક મહિન્દ્ર બેંક વાળા મહાનુભાવો તેમજ મુંબઈમાં સોમૈયા કોલેજના સંચાલકોના ઉદાહરણો આપ્યા હતા.

વિભાગીય ઉપપ્રમુખોએ તેમના રીજીયનમાં રઘુવંશી સમાજને ક્યાં, શું જરૂર છે ? અને એ જરૂરિયાત કેવી રીતે પૂર્ણ કરી શકાય તેનો પણ વિચાર કરવો જોઈએ. આમ કરવા માટે આંતરમાળખું એટલે કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું પડશે એ કેવી રીતે કરવું તે પણ વિભાગીય ઉપપ્રમુખોએ વિચારવાનું છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર હશે તો આપણું કામ ઘણું સરળ બની જશે. એ માળખું ત્યારપછી અનેક રીતે ઉપયોગી બનશે એટલે આ માળખું ઊભું કરવાની દિશામાં પ્રયાસ થવો જોઈએ.

મહાપરિષદના જે પ્રભારી છે તે પ્રભારીએ શું કામગીરી કરવી ? તેનો પણ વિચાર કરવાનો છે. મહાજનોનું કો-ઓર્ડિનેશન એટલે કે સંકલન સાધવામાં આવે તે અત્યંત જરૂરી છે. આપણે ત્યાં અનેક સ્થળે બબ્બે મહાજનો કામ કરતા હોય એવી સ્થિતિ પ્રવર્તે છે. આ મહાજનો વચ્ચે પ્રતિસ્પર્ધા ચાલતી હોય એવું પણ બને. પ્રભારીનું કામ એ છે કે તે આવા બન્ને મહાજનોને સાથે રાખીને તેમની વચ્ચે સંકલન ઊભું કરે અને ખોટી પ્રતિસ્પર્ધાને બદલે પરસ્પર સદ્ભાવથી કામ થાય એવું આયોજન વિચારે. બધાને પોતાના અલગ ચોકા કરીને કામ કરવું છે તેની પાછળ એક હેતુ સમાજનું નેતૃત્વ સંભાળવાનું હોય છે. આપણે આ સ્થિતિને પોઝિટીવલી વિચારીને નેતૃત્વ માટેના તેમના ઉત્સાહનો ઉપયોગ કરવા વિચારવું જોઈએ.

જ્યાં જ્યાં મહાજનો અને સંસ્થાઓ કામ કરે છે તેમના કાર્યક્રમો થાય છે એવા સ્થળોએ આ સંસ્થાઓ અને સંગઠનના હોદ્દેદારોની જે બેઠકો યોજાય અથવા વિભાગીય પ્રમુખો આ બધાની બેઠક યોજે તો આવી બેઠકોની મિનિટ્સ રાખવામાં આવે. બેઠકની કાર્યવાહીની નોંધ નિયમિત રીતે થાય બેઠકમાં કેટલા લોકોએ હાજરી આપી તેની પણ નોંધ થાય તેની કાળજી લેવાની જરૂર છે. આ રીતે એક પ્રકારનું લોકલ એડમિનિસ્ટ્રેશન ઊભું થશે. આ કામ મંત્રીએ જોવાનું રહેશે. એ જ રીતે આપણે ત્યાં પી.આર.ઓ. એટલે કે જનસંપર્ક અધિકારીની પણ વ્યવસ્થા હોવી જોઈએ. વિવિધ મહાજન, સંસ્થાઓ વિવિધ પ્રકારના કાર્યક્રમો કરે છે. એક સંસ્થા જે કાર્યક્રમ કરે છે તેની માહિતી બીજી સંસ્થા કે મહાજનને







હોતી નથી અનેક સંસ્થાઓ નવા વિચાર સાથે વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમો કરે છે જે અન્ય સંસ્થાઓ માટે પણ અનુકરણીય હોય છે. પરંતુ આવા કાર્યક્રમની કોઈને જાણ જ ન હોય તો તેમનું અનુકરણ કેવી રીતે થઈ શકે ? એટલે જનસંપર્ક અધિકારી આવા કાર્યક્રમની જાણકારી એકબીજા મહાજનોને પહોંચાડે અને મેળવે અને વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમ માટે પ્રોત્સાહન આપે એવી હોવી જોઈએ.

શ્રી પિયુષભાઈએ આ ઉપરાંત એજ્યુકેશન બાબતમાં પણ મહત્વના સૂચનો કર્યા. શિક્ષણ અંગે માર્ગદર્શન આપવા માટે કયા પ્રકારના આયોજન થઈ શકે તેની મહત્વની ટીપ્સ આપી તેમાં કોની મદદ લઈ શકાય એ પણ તેમણે જણાવ્યું હતું.

પાંચ વર્ષમાં આપણે રઘુવંશી સમાજમાંથી થેલેસેમિયા નાબૂદ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેને માટે થેલેસેમિયા કેમ્પ યોજાય એ તો બરાબર છે પણ એટલાથી કામ પૂરું થવાનું નથી. થેલેસેમિયા કેમ્પમાં કોઈ આવે તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે આપણે સામે ચાલીને થેલેસેમિયા વિશેની જાણકારી આપવા ઘરે ઘરે પહોંચીએ એવું આયોજન થવું જોઈએ. થેલેસેમિયાના ટેસ્ટ માટે પણ આપણે સામે ચાલીને પ્રત્યેક ઘરે જઈએ તેને માટે અગાઉથી જાણ કરીએ એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ આ કામ માટે સ્થાનિક સ્તરે નાના પોકેટ બનાવવા જોઈએ. ૫૦ કે ૧૦૦ ઘરની જવાબદારી જુદા જુદા લોકોને સંપર્ક માટે સોંપી શકાય. આવા ઘરે અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને જવું જેથી જેનો થેલેસેમિયા ટેસ્ટ કરવાનો છે તેને અનુકૂળ સમયે મળી શકાય. જે લોકોના ટેસ્ટ કરવામાં આવે તેમના રિપોર્ટ શું આવે છે તેનું પણ ફોલોઅપ કરવું જોઈએ. જો રિપોર્ટ નીલ આવે તો ચિંતા નહીં પરંતુ પોઝિટીવ આવે તો શું કરવું એ અંગેનું સાહિત્ય અને માર્ગદર્શન આપવાની તૈયારી પણ હોવી જોઈએ.

થેલેસેમિયા નાબૂદીનો વિષય નીકળ્યો એટલે આ ક્ષેત્રે કામ કરનારા સૌરાષ્ટ્રના અગ્રણીઓએ પણ કેટલીક મહત્વની માહિતી આપી. સંયુક્ત મંત્રી શ્રી મિતલભાઈ ખેતાણી પણ થેલેસેમિયા અભિયાન અંગે ઘણી મહત્ત્વની વાત કરી તેમણે કહ્યું કે દર વર્ષે આ રોગને કારણે ૧૫૦ જેટલા લોકોના મૃત્યુ થાય છે. તેમણે ઉદાહરણ આપીને સમજાવ્યું કે જે પરિવાર આ રોગની ભયાનકતામાંથી પસાર થાય છે તેને જ તેની ગંભીરતા સમજાય છે. એટલે રોગની નાબૂદી માટે પાંચ વર્ષનો સમય પણ શા માટે પસાર થવા દેવો જોઈએ આપણે એક વર્ષમાં રોગની નાબૂદીની દિશામાં પ્રયાસ કરવા જોઈએ. દર મહિને આપણા સમાજની એક વ્યક્તિ એક બાળક આ રોગથી મૃત્યુનો ભોગ બને છે ત્યારે એક એક દિવસ કેટલો કિંમતી છે તેનો વિચાર થવો જોઈએ. તેમણે થેલેસેમિયા વિશે થયેલા સર્વેક્ષણોની માહિતી પણ આપી તે અંગેના વિડિયો પણ દર્શાવી રોગનો ભોગ બનેલા લોકોને ભોજન નહીં મળે તો ચાલશે પણ તેમને દર સપ્તાહે લોહી આપવું પડશે તેને માટે રક્તદાન કરવાની આવશ્યકતા પણ સમજાવી. આ બાબતમાં રાજકોટના રઘુવીર સેનાના અગ્રણીએ પણ અત્યંત મહત્વની રજૂઆત કરી. એક વર્ષમાં રોગની નાબૂદી માટે ભાર મૂક્યો. સમાજમાં થેલેસેમિયા ટેસ્ટ જે પરિવારમાં ન થયા હોય તેવા પરિવારને પ્રસંગ માટે મહાજનવાડી ન આપવા સુધીના પગલાં લેવા પડે તો લેવાની તૈયારી રાખવી જોઈએ એવું કહ્યું. આ તબક્કે મહાપરિષદના હોદ્દેદાર શ્રી ભગવાનદાસ બંધુએ એવી જાહેરાત કરી હતી કે અમારા બનાસકાંઠા જીલ્લામાં થેલેસેમિયા ટેસ્ટમાંથી એક પણ ઘર બાકી નહીં રહે તેની જવાબદારી અમે લઈએ છીએ. અહીં આપવામાં આવેલ સાહિત્યને પણ અમે ઘેર ઘેર પહોંચાડીશું. એ પછી મહાપરિષદની સ્થાયી સમિતિના ચેરમેન શ્રી ભરતભાઈ કોટકે પણ રજૂઆત કરી. સંયુક્ત મંત્રી શ્રી અંજનભાઈ કોટકે પણ શ્રી લોહાણા મહાપરિષદને જાજરમાન બનાવવા માટે કામ કરવાનો અનુરોધ કર્યો.











મહાપરિષદના લોગોમાં જે શબ્દો મૂકવામાં આવ્યા છે તેને ચરિતાર્થ કરવાની વાત કરી.

રાજકોટથી આવેલા રઘુવંશી સમાજના મહિલા અગ્રણી સુશ્રી કાશ્મીરાબેન નથવાણીએ પોતાની ધારદાર રજૂઆત કરતાં ન વાદ, ન વિવાદ ફક્ત સંવાદના સૂત્ર સાથે મહાપરિષદ કામ કરે છે ત્યારે રઘુવંશી સમાજની મહિલાઓના સશક્તિકરણ માટે માત્ર આઠમી માર્ચના એકાદ મહિલા દિવસની ઉજવણી કરીને સંતોષ ન માનતા મહિલાઓની સ્થિતિ સુધારવા માટે સતત કામ કરવાની જરૂરિયાત જણાવી. તેમણે કહ્યું કે ઈશ્વરે મહિલાઓને એકી સાથે અનેક કામો પાર પાડવાની જે શક્તિ આપી છે તે વિશિષ્ટ પ્રકારની છે. મહિલાઓ જે કામ કરી શકે છે તે પુરુષો કરી શકતા નથી એ વાત સ્વીકારીને ચાલવું જોઈએ. તેમણે મહાજનની કારોબારીમાં ૩૩ ટકા સ્ત્રીઓને સ્થાન આપવાની હિમાયત કરી હતી. આ ઉપરાંત મહાપરિષદ અને અન્ય મહાજનો, સંસ્થાઓના પ્રોજેક્ટોમાં પણ ૩૩ ટકા મહિલાઓને સામેલ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે રાજકીય ક્ષેત્રે રઘુવંશી સમાજની મહિલાઓ વધુમાં વધુ પ્રમાણમાં આગળ આવે તે માટે મહિલાઓને માર્ગદર્શન આપવાની વ્યવસ્થા સમાજ દ્વારા થવી જોઈએ એવું જણાવ્યું હતું. મહાપરિષદ આ બાબતમાં નવો રાહ ચિંધે અને મહિલાઓમાં સાચી જાગૃતિ લાવે તેવું કહ્યું હતું.એ જ રીતે જે પરિવારમાં માત્ર એક જ દિકરી છે તેવા પરિવારોનું સન્માન તેમજ હજુ ગ્રામ્ય સ્તરે આપણા સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરવા અને પુત્ર માટેની ઘેલછામાંથી સમાજને મુક્ત કરવાનો પણ અનુરોધ કર્યો હતો. મહિલા જાગૃતિ માટે સેમીનારો સ્પર્ધાત્મક કાર્યક્રમો તેમજ ધાર્મિક મહોત્સવોમાં મહિલાઓને આગળ કરી મહિલાઓ ઘરની બહાર નીકળે અને સક્રિય બને તેમજ તેમને આર્થિક રીતે પગભર કરવા માટે પણ કાર્ય કરવાની જરૂરિયાત જણાવી હતી. તે માટે મહિલા સહકારી મંડળીની રચના કરવાનું મહત્વનું સૂચન તેમણે કર્યું હતું આ ઉપરાંત પરિવારોમાં સંઘર્ષ અને કલહ થાય છે ત્યારે તેવા પરિવારોને કલહમુક્ત કરવા ન્યાયપંચની રચના કરવા અને તેમાં મહિલા વકીલની મદદ લેવાનું પણ સૂચન કર્યું હતું.ગૃહ ઉદ્યોગ કરતી મહિલાઓને મહાપરિષદ પ્લેટફોર્મ પૂરું પાડે તેવી ઇચ્છા તેમણે વ્યક્ત કરી હતી આ ઉપરાંત વર્ષમાં એક કે બે વાર મહાજનો દ્વારા વિવિધ સ્થળોએ ટ્રેડફેરનું આયોજન કરી મહિલા ગૃહ ઉદ્યોગની આઈટેમના વેચાણ માટેની વ્યવસ્થા ઊભી કરવા અનુરોધ કર્યો હતો.આરોગ્ય સહાય સમિતિના વડા શ્રી રઘુવીરભાઈ ગઢિયાએ તેમના વક્તવ્યમાં આરોગ્ય ક્ષેત્ર માટે માતબર રકમનું ફંડ એકત્ર કરવાની જરૂરિયાત જણાવી આ ફંડમાંથી આજીવન દર મહિને સમાજને તેના વ્યાજની એક કરોડ રૂપિયાની રકમમાંથી સહાય આપી શકવાની સંભાવના દર્શાવી હતી. તેમણે કહ્યું હતું કે આ રકમ મોટી છે પરંતુ એ એકત્ર કરવાનું અશક્ય નથી. તેમણે કહ્યું કે તેને માટે આપણે સમાજના મધ્યમ વર્ગના નાના માણસો પાસેથી દર મહિને ૧૦૦૦ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્યાંક રાખી આવા ૧૦૦૦ લોકોની યાદી તૈયાર કરી તેમની પાસેથી દર મહિને ૧૦૦૦ રૂપિયા મળે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય. એ જ રીતે સમગ્ર લોહાણા સમાજને મેડિક્લેમની સુવિધા આપવા માટેનું આયોજન વિચારવા પણ તેમણે જણાવ્યું હતું. આ તબક્કે શ્રી ઉમંગભાઈ ઠક્કરે આવા ૧૦૦૦ લોકોના પૈસા એકત્ર કરવાની જવાબદારી શ્રી રઘુવીરભાઈને સોંપી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે સહાય એટલે માત્ર નાણાંકીય સહાય જ નહીં એવું સ્પષ્ટ કરતાં તેમણે રઘુવંશી સમાજના યુવાનોને નાણાંકીય સહાય કરતાં પણ વધુ મોટીવેશન અને માર્ગદર્શનની જરૂર વધારે હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સમાજમાં આગળ વધેલા લોકોના ચહેરા પર જે તેજ જોવા મળે છે તે પૈસાનું નહીં પણ શિક્ષણનું હોય છે. તેના તરફ ધ્યાન આપી શિક્ષણની મહત્તા સમજાવી હતી. ધોરણ ૧૦ પછી શું ? ધો.૧૨ પછી શું અને ગ્રેજ્યુએશન પછી શું ? એ માટેના માર્ગદર્શનની જરૂરિયાત તો છે જ પરંતુ આજના ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણના યુગમાં શિક્ષણ ક્ષેત્રે એટલી બધી ફેકલ્ટીઓ છે કે જેને વિશે આપણે ભાગ્યે જ જાણીએ છીએ. તેને માટે નિષ્ણાતોની મદદ અને માર્ગદર્શન મેળવવા જોઈએ. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે માત્ર એન્જિનિયરીંગ ક્ષેત્રે ૩૮ પ્રકારની ફેકલ્ટી છે. આવું દરેક ક્ષેત્રમાં છે. આ ઉપરાંત આઈએએસ, આઈપીએસ ક્ષેત્રોમાં પણ આપણા સમાજના લોકો જાય તેને માટે માર્ગદર્શન અને તેના ટ્યુશન ક્લાસીસની સુવિધા પૂરી પાડવાની આવશ્યકતા જણાવી હતી.

રઘુવંશી સમાજના યુવાનો શિક્ષણમાં સારા દેખાવ કરે તે માટે લાયબ્રેરીની સુવિધા ઉપરાંત તેમને વાંચનની સુવિધા માટે પણ અનુરોધ કર્યો હતો આ ઉપરાંત સમાજના યુવાનો માટે જુદા જુદા પ્રકારના કોર્સીસ અને અંગ્રેજી સ્પીકીંગ જેવા વર્ગો શરૂ કરવામાં આવે તેના પર ભાર મૂક્યો હતો.

સંયુક્ત મંત્રીશ્રી હર્ષદરાય ઠક્કરે મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વને ઘેર ઘેર પહોંચાડવા માટેના આયોજનનો ખ્યાલ આપ્યો હતો. તેમણે રઘુકુળ વિશ્વની આવકના એક સ્રોતરૂપે સમાજના જે પરિવારોમાં લગ્ન, સગાઈ, બાળકનો જન્મ કે પ્રમોશન, નોકરી જેવા પ્રસંગોએ રઘુકુળ વિશ્વને માટે વિજ્ઞાપન અથવા શુભેચ્છા સહાય મોકલી શકાય એવું સૂચન કર્યું હતું.

રઘુવંશી સમાજની જાગૃતિનું એક માધ્યમ આપણું મહાપરિષદનું મુખપત્ર ''શ્રી રઘુકુળ વિશ્વ'' છે. તેનો ફેલાવો વધારવા માટે પ્રયાસ કરવાના છે. પ્રત્યેક પરિવારમાં શ્રી રઘુકુળ વિશ્વ પહોંચે તો જ સમાજનો વિચાર આપણે બધા સુધી પહોંચાડી શકીશું. આ ઉપરાંત દર છ મહિને યોજાતી મહાપરિષદની કારોબારીની બેઠક આ વખતે ૨-૩ એપ્રિલ, ૨૦૧૬ના દિવસોમાં જામનગર ખાતે યોજવી એવું વિચાર્યું છે આગામી દિવસોમાં સૌને વિધિવત્ જાણ કરાશે.

॥ શ્રી રવિભાણ વિજયતેત્રામ ॥

# ॥ રામકથા ॥


## મોરારીબાપુ



ભાણ કહે તું ભટકીશ મા, મથી જોને માંય
સમજીને બેસી રહે તો, કરવું પડે નહિ કાંય
– ભાણસાહેબ



આનંદ ઘડી, હેતે ભજવા હરિ
મારો સાયબો સુહાગી મળીયા, આનંદ ઘડી
– રવિસાહેબ



**તા. ૧૩-૦૨-૨૦૧૬ થી તા. ૨૧-૦૨-૨૦૧૬**

**શુભ સ્થળ : સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાન – કમીજલા, તા. વિરમગામ, ગુજરાત**

### ❖ ॥ રામકથા પોથીયાત્રા પ્રારંભ ॥ ❖

તા. ૧૩-૦૨-૨૦૧૬
સમય : બપોરે ૧.૦૦ થી ૩.૩૦ સુધી
સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાનથી રામકથા સ્થળે

### ❖ ॥ રામકથા પ્રારંભ ॥ ❖

તા. ૧૩-૦૨-૨૦૧૬ સાંજના ૪.૦૦ વાગ્યે
તા. ૧૪-૦૨-૨૦૧૬ થી ૨૧-૦૨-૨૦૧૬
કથા સમય : સવારના ૯.૩૦ થી ૧.૩૦

### ❖ ॥ શ્રી રામકથાના મુખ્ય યજમાન ॥ ❖

સંતશ્રી જલારામબાપાની અસીમકૃપાથી નિમિતમાત્ર

**માતૃશ્રી સુશીલાબહેન છોટાલાલ જેઠાલાલ ઠક્કર, પરિવાર (નાની પીંપળી)**
**હસ્તે : શ્રીમતિ ગીતાબેન ગીરીશભાઈ છોટાલાલ ઠક્કર – પાલનપુર, અમદાવાદ**

### ❖ ॥ અન્ય આકર્ષણો ॥ ❖

તા. ૧૪-૦૨-૨૦૧૬, સમસ્ત રઘુવંશી આંતરરાષ્ટ્રીય સંમેલન
તા. ૧૬-૦૨-૨૦૧૬, સંત સંગોષ્ઠિ
તા. ૧૮-૦૨-૨૦૧૬, ભજનસંધ્યા / સંતવાણી
તા. ૧૯-૦૨-૨૦૧૬ આનંદનો ગરબો

### ❖ ॥ રામનામ મહામંત્રનો જાપયજ્ઞ તથા સંકિર્તન-ધૂન ॥ ❖

શ્રી રામ જય રામ જય જય રામ...
સમય દરરોજ ૪.૦૦ થી ૭.૦૦ કલાકે
(મુખ્ય યજમાનના ઉતારા સ્થળે)

**ઉતારાની આગોતરી વ્યવસ્થા માટે સંપર્ક સુત્ર**

ઘનશ્યામભાઈ હાલાણી – ૯૪૨૬૮૯૪૫૮૯ • બકુલભાઈ ઠક્કર – ૯૯૭૯૩૯૮૭૯૧ • તેજસભાઈ વજાણી – ૯૮૭૯૦૪૦૦૯૦

કુમકુમ પત્રિકા સૌજન્ય : શ્રી મંગલમૂર્તિ ડેવલોપર્સ, શ્રી વિનોદભાઈ ગોકલાણી પરિવાર, અમદાવાદ (રાધનપુર)

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# ॥ હાર્દિક નિમંત્રણ ॥

આત્મીય સ્વજનશ્રી,

શ્રી રામનામ શબ્દનું સત્ય ઉજાગર કરવા, 'રામ દુહાઈ' વચનથી જેમણે પોતાનો દેહ અર્પણ કરી દીધો તેવા વંદનીય સંતશ્રી ભાણસાહેબની જીવંત સમાધિની ચેતનાની જનજનને અનુભૂતિ કરાવવાના પરમ પવિત્ર ઉદેશને ચરિતાર્થ કરવા તથા પૂજ્ય ભાણસાહેબની ૩૧૮મી જન્મજયંતિને ચિરસ્મરણીય બનાવવા સત્ય, પ્રેમ અને કરૂણાના પ્રણેતા મોરારીબાપુની રામકથાનું આયોજન કરેલ છે, તો આ અવસરે કથાનું રસપાન કરવા આપને સ્નેહભર્યું નિમંત્રણ છે.

### ❖ ॥ નિમંત્રક ॥ ❖



**શ્રી સદ્‌ગુરૂ ભાણસાહેબ રામકથા સમિતિ**

મહંતશ્રી જાનકીદાસજી ગુરૂશ્રી દ્વારિકાદાસજી મહારાજ
સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાન, મુ. કમીજલા,
તા. વિરમગામ, જિ. અમદાવાદ, ગુજરાત.

અન્ય માહિતી કે માર્ગદર્શન માટે

પૂ. અંજનીદાસ બાપુ – ૯૭૧૪૧૩૨૪૯૯ • હિમાંશુ ઠક્કર – ૯૮૭૯૩૦૧૦૦૪



# શ્રી લોહાણા મહાપરિષદ

સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા

**અખિલ ગુજરાત લોહાણા સમાજ** તથા

તમામ સંકલિત મહાજનો, સંસ્થાઓ, ટ્રસ્ટો તથા પરિવારોના સથવારે

# આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

તારીખ : ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ◇ સમય : સાંજે ૩.૦૦ થી ૭.૩૦ કલાકે

વિશેષ ઉપસ્થિતિ : પૂ. મોરારીબાપુ

દેશ–વિદેશના લોહાણા સમાજના અગ્રણીઓ દ્વારા પરિસંવાદ તથા
લોહાણા જ્ઞાતિની આંતરરાષ્ટ્રીય ઉપલબ્ધિઓ તથા સંકલ્પો

| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ |
|---|---|---|
| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હિમાંશુ બી. ઠક્કર<br>પિયુષ જી. ગંઠા |



વર્કશોપના પ્રથમ સત્રનું સમાપન કરતાં મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તેમના મહત્વપૂર્ણ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, મહાપરિષદનું પ્રતિનિધિત્વ આપણે જ કરવાના છીએ. વિવિધ સ્થળોએ યોજાતા કાર્યક્રમોમાં મહાપરિષદનો કોઈપણ હોદ્દેદાર સમારોહમાં ઉપસ્થિત રહેશે એટલે મહાપરિષદના પ્રત્યેક હોદ્દેદારે તેને માટેની સજ્જતા કેળવવા મહાપરિષદ વિશેનું પૂરું જ્ઞાન મેળવવું તેને માટે મહાપરિષદના પૂર્વ પ્રમુખો બધા અધિવેશનો થેલેસેમિયા સમસ્યા વિશેની માહિતી મહાપરિષદનો ધ્વજ, લોગો, આપણા સમાજના ૧૦૦ વર્ષનો ઇતિહાસ આપણા ઇતિહાસ પુરુષો વગેરે વિશે વાંચન કરીને માનસિક તૈયારી રાખવાની છે જેથી આપણે જ્યાં પણ જઈએ ત્યાં આપણા પ્રવચનમાં ઊંડાણ આવશે.

કમીજલામાં પૂ. ભાણસાહેબની જગ્યામાં પૂ.મોરારીબાપુની રામચરિત માનસ કથાનું આયોજન છે. એ દરમિયાન મોરારીબાપુની હાજરીમાં ત્રણ ચાર કલાકનું વિશાળ રઘુવંશી સંમેલન યોજવાનું છે. આ સંમેલન કયા પ્રકારનું રાખવું તેમાં કેટલા લોકો આવશે ? એ બધાની વ્યવસ્થા કેવી રીતે કરવી ? તેમાં શું વિચારણા કરવી ? તેના મુદ્દાઓ નક્કી કરવા આ બધી કામગીરી પણ કરવાની છે. આ રઘુવંશી સંમેલન એ એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે તેમાં વધુમાં વધુ લોકો હાજરી આપે તેવો પ્રયાસ કરવો છે. આપણી અપેક્ષા છે કે ૨૫,૦૦૦ જેટલા રઘુવંશી સમાજના લોકો એકત્ર થાય અને એ થશે. સમાજ હવે જાગૃત થયો છે. આ જાગૃતિ તમામ પરિવારો સુધી પહોંચે એવા પ્રયાસ કરવાના છે.



મહાપરિષદના સંપર્કના માધ્યમ તરીકે આપણે વોટ્‌સએપ સત્તાવાર સ્વીકાર કર્યો છે તેના સંચાલનની જવાબદારી વગેરે પણ નક્કી કરાય છે. આ વોટ્‌સએપની સુવિધા વિભાગવાર ઊભી કરવામાં આવે તેવું સૂચન કરાયું હતું. તેના સંચાલનની વ્યવસ્થા અને નિયંત્રણ કરવાનું પણ તેમણે સૂચવ્યું હતું. મહાપરિષદના હોદ્દેદારોની કામની સુવિધા માટે તેમણે મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું હતું. કમીજલા ખાતે પૂ.મોરારીબાપુની કથા દરમિયાન યોજાનાર આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનના સંદર્ભમાં શ્રી હિમાંશુભાઈએ કેટલીક વ્યવસ્થા જાણકારી આપતા એક લાખ પત્રિકાઓ તૈયાર કરવામાં આવી હોવાનું જણાવી આ પત્રિકાઓ વ્યર્થ ન જાય અને ઘરે ઘરે પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતું. આ કાર્યક્રમને યાદગાર બનાવવા શું કરવું જોઈએ તેના સૂચનો કરવા પણ જણાવ્યું હતું. સંમેલનમાં વિદેશ વિભાગની નિમણૂકની જાહેરાત કરવામાં આવે તેમજ આ સંમેલનમાં કોઈ યોજનાનું લોકાર્પણ કરવામાં આવે એવી સંભાવના પણ દર્શાવી હતી. મહાપરિષદની પ્રવૃત્તિની ઝલક આપતું એક બ્રોશર તૈયાર કરવાની પણ તેમણે માહિતી આપી હતી. રઘુવંશી ટ્રેડફેર અને સમાજના ઉદ્યોગપતિઓની એક ડિરેક્ટરી તૈયાર કરવાની પણ વિચારણા થઈ રહી છે તેમ જણાવ્યું હતું.

ભોજનના વિરામ બાદ વર્કશોપના બીજા સત્રમાં વિભાગીય રજૂઆતો થઈ હતી. જેમાં કચ્છ વિભાગ દ્વારા જે રજૂઆતો થઈ તેમાં પરિચય મેળામાં યુવતીઓના ડેટા ઓછા આવતા હોવાનું જણાવી તેમાં વધારો થાય તેને માટે શું થઈ શકે તે બાબત વિચારવા જણાવ્યું હતું. શિક્ષણ સહાયમાં પણ અરજીઓના સ્ક્રીનીંગની જરૂરિયાત વ્યક્ત કરી હતી. એ જ રીતે રોજગાર મેળવવા ઇચ્છતા યુવાનો માટે માર્ગદર્શનની વ્યવસ્થા ગોઠવાય તેને માટે ટેલેન્ટ શો યોજવાનું પણ સૂચન કર્યું હતું.



સૌરાષ્ટ્ર વિભાગના શ્રી સુરેશભાઈ ચંદારાણાએ એવી રજૂઆત કરી હતી કે મહાપરિષદના અને મહાજનોના ઉચ્ચસ્તરીય હોદ્દેદારો ઉપરાંત નીચેના સ્તરે પણ બીજી ત્રીજી હરોળની કેડર ઊભી કરવી જોઈએ. રાજકોટમાં ૧,૫૦,૦૦૦ લાખની વસ્તી છે અને જ્ઞાતિના સ્તરે સંગઠન સૂચારુરૂપે ચાલે છે નવી જનરેશન વધુ જાગૃત

હોવાનું જણાવી તેમણે એમ કહ્યું હતું કે સમાજમાં ઉચ્ચ સ્તરે જે વિખવાદ અને ટાંટીયાખેંચની પ્રવૃત્તિ ચાલતી હોય છે એવી જે છાપ છે તેનાથી નવી જનરેશન સંપૂર્ણપણે મુક્ત છે નવી જનરેશનમાં આવા કોઈ ભેદભાવ કે આવી કોઈ પ્રવૃત્તિ નથી તેઓ માત્ર કામને પ્રાધાન્ય આપે છે નવી પેઢીના આ ગુણને લક્ષમાં લેવાની જરૂરિયાત તેમણે દર્શાવી હતી.



મહારાષ્ટ્રમાંથી પધારેલા શ્રી જીતુભાઈ ઠક્કરે અનેક મહત્ત્વની વાતો કરી તેમણે શિક્ષણની બાબતમાં એવું સૂચવ્યું કે લોહાણાનો દિકરો કે દિકરી ગ્રેજ્યુએટ થયા વિના અભ્યાસ છોડે નહીં એ જોવું જોઈએ. સ્કીલ વર્ક ફોર્સ ઉભો કરવા તરફ ધ્યાન આપવાની જરૂરિયાત પણ તેમણે દર્શાવી. શિક્ષણમાંથી ડ્રોપઆઉટના પ્રમાણને ઘટાડવા ધ્યાન આપવાની જરૂરિયાત છે તેને માટે નેટવર્ક ગોઠવી જિલ્લા સ્તર સુધી તેઓ મહારાષ્ટ્રમાં પહોંચ્યા છે તેવું જણાવ્યું હતું. એક વર્ષમાં નાનામાં નાના ગામ સુધી અને પરિવાર સુધી પહોંચીને તેમને પરિષદ સાથે સાંકળવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. એક મહત્ત્વની વાત તેમણે એ કરી હતી કે લોહાણા સમાજનું બ્રાન્ડીંગ થવું જોઈએ. તેને માટે સમગ્ર વર્ષમાં એક કે બે દિવસ એવા નક્કી કરવા કે જે દિવસે સમગ્ર વિશ્વમાં લોહાણા સમાજ એક કાર્ય કે પ્રોજેક્ટ કે પ્રવૃત્તિ કરે. ઉદાહરણ તરીકે બ્લડ ડોનેશન કેમ્પ અથવા પરિચય મેળા તેને માટે જલારામ જયંતિ જેવો દિવસ નક્કી કરી શકાય તેવું સૂચવ્યું હતું.

થેલેસેમિયા નાબૂદી માટે રઘુવંશી સમાજમાં સંગઠિત રીતે ચાલતા પ્રયાસની નોંધ લઈને રેડક્રોસ દ્વારા આપણા સમાજને રાજ્યપાલશ્રીના હસ્તે એવોર્ડ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હોવાની માહિતી આપી હતી. આ વાતને લક્ષ્યમાં લઈને થેલેસેમિયા નાબૂદીમાં સરકારનો સહયોગ મેળવી મદદ મેળવી શકાય તેવી સંભાવના વ્યક્ત કરી હતી. આ તબક્કે અખંડ આનંદ કોલેજના ડીન ડૉ. ભાવસાર સાહેબે થેલેસેમિયાના ક્ષેત્રે તેમણે કરેલા સંશોધનો અને તેમના દ્વારા થઈ રહેલી નિઃસ્વાર્થ પ્રવૃત્તિની માહિતી આપી રઘુવંશી સમાજને આ કામમાં કોઈપણ સમયે મદદરૂપ થવાની તૈયારી દર્શાવી હતી. આ જ રીતે વિદર્ભ સહ મધ્ય ભારતના ઉપપ્રમુખશ્રી ભરતભાઈ ઠક્કરે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે પણ ફંડ રેઈઝીંગ માટે સૌને અપીલ કરી હતી. અત્રે વિશેષ ફરજના અધિકારી તરીકે નિમાયેલા શ્રી વિપુલભાઈ પૂજારા, સ્થાયી સમિતિના ચેરમેન શ્રી ભરતભાઈ કોટકે પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી.



અત્રે, હૈદરાબાદથી ખાસ પધારેલા શ્રી હસમુખભાઈ દાવડાએ પણ લગ્ન વિષયક બાબતો પર ભાર મૂકી આ અંગે કાર્ય થાય તે માટે અસરકારક રજૂઆત કરી હતી. શ્રી રઘુકુળ વિશ્વના પ્રચાર-પ્રસાર માટે અને સાચા અર્થમાં વ્યાપક બનાવવા માટે શ્રી નિતિનભાઈ રાયચૂરાએ ખૂબ મોટા પાયા પર આયોજન કરવા માટે યોજના મૂકી હતી અને તેમના વિઝનને સૌએ દાદ આપી હતી. શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી તરૂણભાઈ દત્તાણીએ પણ આ અંગે સુંદર રજૂઆત કરી હતી. અત્રે શ્રી રઘુકુળ વિશ્વના રાષ્ટ્રીય સંકલક શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ, શ્રી રઘુકુળ વિશ્વ, સર્વ પ્રકારના જ્ઞાતિજનો એટલે કે વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, વડીલો સર્વે માટે રસપ્રદ બને તેવું સાહિત્ય પીરસવા પણ અનુરોધ કર્યો હતો.

આ અંગે અન્ય હોદ્દેદારોએ પણ પોતાના મંતવ્યો આપ્યા હતા અને આ અંગે શ્રી રઘુકુળ વિશ્વ સાથે સંકળાયેલા તમામ હોદ્દેદારોએ અલાયદી મીટીંગ કરી જરૂરી ફેરફારો અંગે વિચારવા અનુરોધ પ્રમુખશ્રી દ્વારા કરાયો હતો. લગભગ સાંજે ૭.૦૦ કલાકે આ મીટીંગનું સમાપન થયું હતું. મીટીંગ પૂર્ણ થયા બાદ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી પિયુષભાઈ ગંઠાએ સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને શ્રી લોહાણા મહાપરિષદની કાર્યશૈલી અને સેવાકીય પ્રવૃત્તિઓ વિશે ચર્ચા-વિચારણા કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ પણ શ્રી લોહાણા મહાપરિષદ પ્રત્યે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ''સંસ્થા માટે મારા લાયક જે પણ કાંઈ યોગદાનની જરૂર હોય તો આ ભગીરથ કાર્ય માટે હું હંમેશા તત્પર હોઈશ.''



... જય રઘુવંશ...

# મુંબઈ ખાતે યોજાયેલ મહારાષ્ટ્ર વિભાગના હોદ્દેદારોની મીટીંગનો અહેવાલ




માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વિભાગીય કારોબારી સમિતિની સભા મુંબઈ–મહારાષ્ટ્રના વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર દ્વારા તા. ૨૧ નવેમ્બર, શનિવારના રોજ શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ (કાંદીવલી) મધ્યે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સભાની કાર્યવાહી નીહાળવા અને માર્ગદર્શન આપવાના હેતુસર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પણ આ સભામાં ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કર્યા હતા.

આ સભાનો મૂળ હેતુ માતૃસંસ્થાની માળખાકીય વ્યવસ્થાની જવાબદારીઓનું વહન દરેક હોદ્દેદારોએ કઈ રીતે કરવું અને સામાન્ય જ્ઞાતિજનો સુધી માતૃસંસ્થાના ધ્યેય, હેતુ સિધ્ધ કરવાના કાર્યો અને કાર્યક્રમોની આછેરી રૂપરેખા આપીને માહિતીસભર કરવામાં આવ્યાં હતાં.

સૌ પ્રતમ થેલેસેમિયા નાબુદી હેતુ યુવા, મહિલા, થેલેસેમિયા, કેળવણી, છાત્રાલય, લગ્નવિષયક આમ દરેક સમિતિઓ કે જેમની કાર્યની જવાબદારીઓ યુવાનો સાથે સીધી સ્પર્શ કરતી હોય તે દરેક સમિતિના સંકલન દ્વારા સમાજમાં લોક જાગૃતિ થેલસેમીયા અંગે ફેલાવવા યોગ્ય પ્રયત્ન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને શક્યતા આ દરેક સમિતિએ પોતપોતાના કાર્યો સાથે ''થેલેસેમિયા નાબૂદી અભિયાન''ને સાંકળી લેવા ઇજન કર્યું હતું. શ્રી જીતુભાઈ ઠક્કરના વિવિધ સૂચનો સહ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી 'સત્કાર્ય ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા થેલેસેમીયા અંગે ચાલતી પ્રકૃતિઓથી માહિતીગરા કરી જોઈતી માળખાકીય સવલીયતો સહ આર્થિક સહયોગની પણ ખાત્રી આપી હતી. શિક્ષણ સહાય હેતુ આવતાં અરજીપત્રકો સાથે અન્ય પ્રમાણપત્રો બીડાણમાં હોય ચે તે સાથે થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યાનું પ્રમાણપત્ર જો ફરજીયાત પણે લેવામાં આવે તો જાગરુકતા બાબતે વધુ વેગ મળે તેવી આશા પ્રગટ કરવામાં આવી હતી.

આ કાર્યપ્રણાલીના અનુસંધાને બધાં જ જવાબદારીઓ વહેંચીને ચાલે તો કાર્ય વધુ સરળ બને તે હેતુસર મહારાષ્ટ્રના મહાજનો અને સંસ્થાઓની આજની સભાનો અગત્યનો ઉદ્દેશ હોવાનો પુનરુચ્ચાર વિભાગીય ઉપાધ્યક્ષ શ્રી જીતુભાઈ ઠક્કર અને શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા કરવામાં આવ્યો હતો જે અંગે વિદર્ભ મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ ઠક્કર એ પણ સહમતિ આપી જણાવ્યું હતું કે દરેક જીલ્લાવાર માહિતીપત્રકો મોકલી દરેક મહાજન અને સંસ્થાઓની વિગત મંગાવવા જોઈએ જે સૂચનની સ્વીકૃતિએ સતીષભાઈ વિઠલાણીએ વિશેષ સૂચન કર્યું હતું કે જ્યાં મહાજનો અને સંસ્થાઓ કાર્યરત છે તેઓ પણ પોતાના આસપાસના વિસ્તારમાં રહેતાં રઘુવંશી ભાઈ–બહેનોની માહિતી એકત્રિત કરી નાનાં નાનાં ગામડામાં પણ જો સંગઠન ઊભું કરવામાં મદદરૂપ થાય તો જ માતૃસંસ્થાના ધ્યેય હેતુને લોકભોગ્ય બનાવી શકીશું.

લોહાણા જ્ઞાતિની અનેક સ્થળે ઉત્તમ ગણી શકાય તેવી મિલ્કતો છે જેનો ઉપયોગ જ્ઞાતિહિતના કાર્યોમાં થાય જ છે પણ સંજોગોવશાત ક્યારેક ક્યાંક પણ વૈચારિક ભેદને કારણે આપણાં મહાજનો કાયદાકીય રસ્તે જઈ સમય અને ધનનો બગાડ ન કરે તે હેતુસર લવાદ સમિતિની રચના કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. જે સર્વેને અતિયોગ્ય લાગતાં જાણીતા કાયદાવિદ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીની અધ્યક્ષતામાં શ્રીમતી લીલાબેન કોટક, શ્રી સતીષભાઈ દત્તાણી, શ્રી સતીષભાઈ વિઠલાણીને સભ્યો તરીકે નીમવાનું પણ સૂચન કર્યું હતું જે સર્વેએ બહાલી આપી હતી.

અભ્યાસ બાબતે યુવા અને મહિલા સમિતિ પણ એવી રીતે સંગઠન બનાવે કે જ્ઞાતિના બાળકો ઉચ્ચ માધ્યમિકમાં સ્નાકેતર શિક્ષણ સુધી અધવચ્ચે ક્યાંય અભ્યાસ ન છોડે અને તેમને જોઈતી જરૂરિયાતો માટે સંસ્થાકીય માળકાનો યોગ્ય રીતે ઉપયોગ કરે તે સૂચન સહ માર્ગદર્શન અપાયું હતું. સગપણ સમિતિ અંગે પરિચય મિલન જેવા કાર્યક્રમો વિભાગીય સ્તરે યોજતા રહી ઉમેદવારોની માહિતી પુસ્તક પ્રકાશન દ્વારા અને માતૃસંસ્થાની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ થઈ શકે તે હેતુસરની યોગ્ય તૈયારીઓ અને આયોજન કરવા નક્કી થયું હતું તેમજ મહારાષ્ટ્રમાં ૧લી મેના રોજ પરિચય મેળો ફરજીયાત પણે યોજવો તે સૈધ્ધાંતિક નિર્ણય લેવાયો જે માટે સ્થળ જે મહાજન નિમંત્રણ આપે ત્યાં આયોજીત કરવું અન્યથા શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ આ કાર્યક્રમ અંગે યજમાન તરીકે હંમેશા તૈયાર છે તે શ્રી ધર્મેન્દ્ર કારીઆ (પ્રમુખ શ્રી લોહાણા સમાજ) એ જણાવ્યું હતું.

આર્થિક પ્રગતિના હેતુસર રઘુવંશી બેંકની જેવું નવું વિસ્તૃત માળખું ઉભું કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ જણાવ્યું હતું કે યુવાનોમાં રહેલાં કૌશલ્યને ઉજાગર કરવા યોગ્ય પ્રયત્નો કરીને પણ સફળતા તો જ મળી ગણાય જ્યારે જ્ઞાતિ યુવાન પોતાના કૌશલ્યએ પગભર થઈ સફળતા મેળવે. યુવકોમાં રહેલ કલા, રમતગમત જેવા કૌશલ્યને પ્રોત્સાહિત કરવા શ્રી રઘુકુળ કૌશલ્ય નિધિની સ્થાપના કરવામાં આવે છે તે અંગેની યોગ્ય જાણકારી આપવામાં આવી હતી સાથે જ નિતીકાર્યોને લોકો સુધી પહોંચાડવા માહિતીગાર કરવા હેતુ ''રઘુકુળ વિશ્વ''ના માધ્યમનો ઉત્તમોત્તમ રીતે ઉપયોગ કરવા અંગે પણ આગ્રહ રાખ્યો હતો. માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સભા અંતે કાર્યવાહીના નિરીક્ષણે જણાવ્યું હતું કે, મુંબઈ–મહારાષ્ટ્રની ટીમના વિચારો – કાર્યશૈલીથી પ્રભાવિત થતાં હોદ્દેદારોએ પોતાની નિમણૂકોને સાર્થક ઠરાવી છે અને સર્વેને કાર્ય સફળતા અંગે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સભાનું સફળ સંચાલન રાષ્ટ્રીય મંત્રી શ્રી પીયુષભાઈ ગંઠાએ કર્યું હતું અને પ્રાસંગિક સલાહ, સૂચનો શ્રી શંભુભાઈ હરિયાણી, શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, શ્રી ડૉ. પ્રવિણભાઈ દૈયા, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રી કેતનભાઈ પોપટ, શ્રી હિંમતભાઈ સૌમેયા, શ્રી નરેન્દ્રભાઈ દાવડા (નાગપુર)એ આપ્યા હતા.

સંકલન : કેતન પોપટ

# સમસ્ત લોહાણા જ્ઞાતિ પરિચય મિલન સમારંભ, કાંદિવલી



શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દાતા શ્રી સુરેશભાઈ કાંતિલાલ કેસરીયાના અનન્ય સહયોગથી અને મુંબઈ તથા બૃહદ મુંબઈના અને પૂના, નાશિક, નેરલ, નવી મુંબઈ, ડોંબિવલી વગેરે મહાજનો તથા સેવાભાવથી સંચાલિત મેરેજ બ્યુરોના અનુમોદનથી તા. ૨૧ તથા તા. ૨૨ નવેમ્બર, ૨૦૧૫ના રોજ દ્વિદીવસીય સમસ્ત લોહાણા જ્ઞાતિ પરિચય મિલન લોહાણા બાળાશ્રમ હોલ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો.

મહાજન પ્રમુખ અને સમારોહ અધ્યક્ષ શ્રી વસંતકુમાર નથુભાઈ માણેક અને સમારોહના મુખ્ય અતિથિ વિશેષ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક તથા સર્વે મહાજનના મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા શરૂઆત કરાઈ. ત્યારબાદ સૌ મંચસ્થ થયા, જેમાં શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ શ્રી વસંતકુમાર નથુભાઈ માણેક, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી લોહાણા મહાપરિષદના સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી હાલાઈ લોહાણા મહાજન, મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પીયુષભાઈ ગંઠા, શ્રી નગરઠઠ્ઠા લોહણા મહાજનના પ્રમુખશ્રી પ્રકાશભાઈ ઠક્કર, શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ, માટુંગાના પ્રમુખશ્રી અશોકભાઈ પલણ, શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, શ્રી લોહાણા સમાજ ઉલ્હાસનગર અંબરનાથ, બદલાપુર પ્રમુખશ્રી તરૂણ લાલાઈ, શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, દાતા પરિવારના શ્રી વિનોદભાઈ કેસરીયા, શ્રી કચ્છી લોહાણા મહાજન, પૂનાના પ્રમુખશ્રી રમેશભાઈ કમાણી, શ્રી કચ્છી લોહાણા મહાજન, નેરલના પ્રમુખશ્રી ગીરીશભાઈ ચોથાણી, શ્રી કચ્છી લોહાણા મહાજન, નાસિક પ્રમુખશ્રી કરસનદાસ કતીરા, મુંબઈ મહાજનના ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ ચોથાણી, પરિચય મિલન સમિતિ કન્વીનર અને શ્રી ઉપનગર કચ્છી લોહાણા મહાજન પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ ઝવેરીલાલ ઠક્કર, પરિચય મિલન સમિતિ કો-કન્વીનર અને શ્રી લોહાણા સમાજ પશ્ચિમવિભાગના પ્રમુખશ્રી દિનેશભાઈ કેશવજીભાઈ ઠક્કર, શિક્ષણ સમિતિ કન્વીનર શ્રી લાલજીસર, યુવા સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રેશ જેઠાલાલ ઠક્કર – મજેઠીયા, મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતી દેવ્યાની ઠક્કર, કારોબારી સભ્યો સર્વ શ્રી હરેશ રવજીભાઈ મજેઠીયા, કિશોર દેવજીભાઈ મજેઠીયા, કિશોર દેવજીભાઈ ગણાત્રા તથા શ્રી કુમારભાઈ પંડિતપૌત્રા હતા.







આજના દિવસે મુખ્ય અતિથિ વિશેષ શ્રી પ્રવિણભાઈ કોટકનો જન્મદિવસ હોવાની સરપ્રાઈસ જાહેરાત સભાગૃહમાં કરાઈ હતી અને મંચ ઉપર કેક કાપી સૌએ શ્રી પ્રવિણભાઈ કોટકને જન્મદિવસની વધાઈ આપી શુભેચ્છા આપી હતી.

કાર્યક્રમના આયોજન માટે કન્વીનર શ્રી રાજેન્દ્રભાઈ ઠક્કર, કો-કન્વીનર શ્રી દિનેશભાઈ ઠક્કર, મંત્રી શ્રી નીતીનભાઈ પાંધીના માર્ગદર્શનમાં નિધિબેન જોબનપુત્રા, વર્ષાબેન મજેઠીયા, રાજેન્દ્રભાઈ ગોપાલજીભાઈ ઠક્કર, નીરવભાઈ ઠક્કર, નીતીનભાઈ જોબનપુત્રા, ધવલભાઈ કેસરીયા અને સર્વે કાર્યકર મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

સંકલન : લાલજી સર કતીરા

## શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી મીટીંગ

શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી મિટિંગ તા. ૨ અને ૩ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ જામનગર મુકામે સમસ્ત હાલાર લોહાણા મહાજન C/o. જામનગર લોહાણા મહાજન, જામનગર (પંચેશ્વર ટાવર)ના યજમાન પદે મળશે. તા.૨ એપ્રિલના રોજ દ્વારકાધીશના દર્શનનો (સંભવિત) લાભ લઈ શકાશે. વિગતવાર કાર્યક્રમ તથા એજન્ડા નિર્ધારિત સમયે ઇમેલથી મોકલી આપવામાં આવશે.

## શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારોનો પરિસંવાદ/વર્કશોપ

તા. ૧૦, ૧૧ ઓક્ટોબર ૨૦૧૫ને સુરત મુકામે વરણી પામેલા તમામ હોદ્દેદારો માટે માર્ગદર્શક પરિસંવાદ તેમજ આગામી સમયમાં હાથ ધરવા યોગ્ય કાર્યક્રમો આયોજનો તથા લક્ષ્યાંકો નક્કી કરવા માટે બે દિવસીય કાર્યક્રમનું આયોજન નાસિક મુકામે તા. ૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ના શ્રી ખીમજી ભગવાન આરોગ્ય ધામ, નાસિક ખાતે શ્રી નાસિક હાલાઈ ઘોઘારી લોહાણા મહાજન, શ્રી ખીમજી ભગવાન ચેરિટી ટ્રસ્ટ તેમજ મા ઝવેરબાઈ ચેરિટેબલ ટ્રસ્ટના યજમાનપદે આયોજન કરેલ છે. વિગતવાર કાર્યક્રમ તમામ આમંત્રિતોને ઇમેલથી મોકલી આપવામાં આવેલ છે.

## પૂજ્ય મોરારીબાપુની રામકથા તથા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ (કમીજલા)

રઘુવંશના ગરિમાસભર વંદનીય પૂજ્ય ભાણસાહેબની ૩૧૮મી જન્મજયંતિ નિમિત્તે ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા (વિરમગામ, ગુજરાત) ખાતે તા. ૧૩ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન પૂ. મોરારીબાપુની રામકથાનું ભવ્યાતિભવ્ય આયોજન પૂ. જાનકીદાસબાપુની અધ્યક્ષતામાં કરાયેલ છે. આ પાવન પ્રસંગે, તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ કમીજલા મુકામે બપોરે ૩ થી ૭ કલાકે આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનનું આયોજન કરેલ છે તો આ ઐતિહાસિક પ્રસંગે દેશ-વિદેશના રઘુવંશી સમાજશ્રેષ્ઠીઓને અચૂક હાજરી આપવા ભાવભર્યું આમંત્રણ છે. રામકથા તથા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનની સંયુક્ત પત્રિકા પણ દરેક સંસ્થાઓને તથા રઘુવંશી પરિવારોને મોકલી આપવામાં આવી રહી છે.

## દિપાવલીના પવિત્ર દિવસે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પણ ચોપડા પૂજન

દિપાવલીના પવિત્ર દિવસે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પણ ચોપડા પૂજન કરી, મહાલક્ષ્મી અને રિદ્ધિ-સિદ્ધિની અસીમકૃપા રહે તથા સૌ રઘુવંશીઓના સુખ-સમૃદ્ધિ માટે પૂજા-પ્રાર્થના કરતાં શ્રી પ્રવિણભાઈ કોટક, હોદ્દેદારો તથા શુભેચ્છકો. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ કોટકની વિશેષ ઇચ્છા અને સંપૂર્ણ આર્થિક સહયોગથી સંવત ૨૦૭૨ના શ્રી લોહાણા મહાપરિષદના ટાઇટલથી જરૂરી માહિતીઓ સાથેનું પંચાંગ આ શુભ દિવસે વિમોચીત કરતા શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિંમતભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા સમગ્ર ટીમ.





## અખિલ ગુજરાત લોહાણા સમાજ

# 'રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫' ગ્રાન્ડ ફીનાલે

અખિલ ગુજરાત લોહાણા સમાજ એ સંગઠનના મુખ્ય ધ્યેય સાથે વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ કરતી સંસ્થા છે અને નિરોગી જીવનશૈલી, 'નારી શક્તિનાં ઓવારણાં'' મહિલા એવોર્ડ સમારંભ, યુવા વ્યક્તિત્વ શિબિર, મહાજન પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓની ચિંતન બેઠક, વક્તૃત્વ સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા, પરિણીત યુગલો માટે, 'સાજન-સજની' જેવાં વૈવિધ્યસભર પ્રેરણાદાયી અને સંગઠનને મજબૂત કરવાની ભાવના સાથે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાં કાર્યરત લોહાણા મહાજનો, મહિલા મંડળો, યુવક મંડળો જેવી વિવિધ સંસ્થાઓના અવિરત સાથ-સહકાર અને પ્રોત્સાહનને કારણે અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા ''રઘુવંશી રમતોત્સવ-૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અવિસ્મરણીય રમતોત્સવ તેમજ અગાઉના તમામ રચનાત્મક કાર્યક્રમોને સફળ બનાવવા માટે આપણા સમાજના તમામ મુખપત્રો, સમાચાર પત્રો તથા પત્રકાર મિત્રોએ પણ પ્રચાર અને પ્રસાર માટે પ્રોત્સાહક સહકાર આપ્યો છે, જે બદલ અખિલ ગુજરાત લોહાણા સમાજના તમામ હોદ્દેદારશ્રીઓ તમામ સંસ્થાઓના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા પત્રકાર મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજ - રમત ગમત સમિતિ દ્વારા યુવા સમિતિ, શિક્ષણ સમિતિ અને છાત્રાલય સમિતિના સંયુક્ત ઉપક્રમે 'શ્રીમતી ભારતીબહેન શૈલેષભાઈ સોનપાલ - રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ અંતર્ગત તા. ૪-૧૦-૨૦૧૫ને રવિવારના રોજ કચ્છ વિભાગની સ્પર્ધાઓ ભૂજ ખાતે, તા. ૧૭-૧૦-૨૦૧૫ને શનિવારના રોજ મધ્ય વિભાગ, ઉત્તર વિભાગ તથા દક્ષિણ વિભાગની સ્પર્ધાઓ શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન - વલ્લભ વિદ્યાનગર ખાતે તથા તા. ૧૮-૧૦-૨૦૧૫ને રવિવારના રોજ રાજકોટ ખાતે આયોજિત કરવામાં આવી હતી. રાજ્યકક્ષાની ગ્રાન્ડ ફીનાલે સ્પર્ધાઓ તા. ૧૯ તથા તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન - વલ્લભ વિદ્યાનગર ખાતે આયોજિત કરવામાં આવશે.

અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા આયોજિત તમામ કાર્યક્રમમાં હંમેશાં સાથ - સહકાર અને સહયોગ માટે ઉત્સુક અખિલ ગુજરાત લોહાણા સમાજ - યુવા સમિતિના મંત્રી શ્રી શૈલેષભાઈ સોનપાલ દ્વારા મુખ્ય સ્પોન્સરશીપની જવાબદારી સ્વીકારી હોવાથી સમગ્ર રમતોત્સવને 'શ્રીમતી ભારતીબહેન શૈલેષભાઈ સોનપાલ - રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫' તરીકે ઓળખવામાં આવશે.

વિભાગીય કક્ષાની સ્પર્ધાઓ દરમ્યાન ધ્યાનાકર્ષક બાબત એ હતી કે ૫ વર્ષના બાળકથી માંડીને ૮૦ વર્ષના વડીલ વર્ગના ભાઈઓ તથા બહેનોએ ખૂબ જ ઉત્સાહ અને ખેલદીલીપૂર્વક રમતોત્સવ માણ્યો હતો અને મહિલા સ્પર્ધકોની ઉપસ્થિતિ પણ સવિશેષ રહી હતી. આ ઉપરાંત વિવિધ રમતોમાં રાજ્ય કક્ષા, રાષ્ટ્રીય કક્ષા તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કર્યું હોય તેવી વિશિષ્ટ પ્રતિભાઓ પણ સમાજના આ વિશેષ રમતોત્સવમાં ભાગ લઈને ગૌરવ અનુભવતા હતા અને આવી પ્રતિભાઓ પણ સમાજ સમક્ષ ઉભરી આવી હતી.

સમગ્ર રમતોત્સવ દરમ્યાન એકતા અને સંગઠનની ભાવના મજબૂત બને તેવા ઉમદા આશયથી દરેક સ્પર્ધકને ટોકન ચાર્જ લઈને 'અખિલ ગુજરાત લોહાણા સમાજ - રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫'ના લોગો સાથે સફેદ ટી-શર્ટ આપવામાં આવ્યાં હતાં અને દરેક સ્પર્ધકે આ ટી-શર્ટ પહેરીને જ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત અખિલ ગુજરાત લોહાણા સમાજના તમામ હોદ્દેદારોએ પણ આવી જ ટી-શર્ટ પહેરીને સૌ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયકોને પણ લોગો સાથે લાલ કલરના ટી-શર્ટ ફાળવવામાં આવ્યાં હતાં, જેના કારણે સમગ્ર સ્પર્ધાઓ દરમ્યાન અત્યંત ખેલદીલીપૂર્ણ વાતાવરણનું નિર્માણ થયું હતું.

તમામ વિભાગીય સ્પર્ધાઓ દરમ્યાન ચેસ, કેરમ, બેડમીન્ટન, ટેબલ ટેનિસ, વોલીબોલ, કબડ્ડી તથા ક્રિકેટની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિભાગીય કક્ષાએ પ્રથમ તથા દ્વિતીય સ્થાન મેળવનાર સ્પર્ધકો રાજ્ય કક્ષાની 'ગ્રાન્ડ ફીનાલે' સ્પર્ધામાં પોતપોતાના વિભાગનું પ્રતિનિધિત્વ કરશે. ગ્રાન્ડ ફીનાલે દરમ્યાન પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાન મેળવનારા સ્પર્ધકોને આકર્ષક ટ્રોફીથી ભવ્યાતિભવ્ય સમારોહમાં સન્માનિત કરી પ્રોત્સાહિત પૂરું પાડવામાં આવશે.

**સંકલન : હર્ષદભાઈ કારીયા**

### શ્રી રઘુવંશી મહિલા મંડળ દ્વારા જલારામ બાપાની જન્મજયંતિ અને શ્રી તુલસી વિવાહનું ભવ્ય આયોજન

કારતક સુદ-૭ બુધવાર તા. ૧૮-૧૧-૨૦૧૫ના રોજ પૂ.શ્રી જલારામ બાપાની ૨૧૬મી જન્મજયંતિ મહોત્સવ - મહાજન, મહિલા મંડળ તથા યુથવીંગના સંયુક્ત ઉપક્રમે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. પુરા દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી તુલસી વિવાહનું ભવ્ય આયોજન તા. ૨૫-૧૧-૨૦૧૫ ને બુધવારના રોજ શ્રી રઘુવંશી મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું. શ્રીમતી દક્ષાબેન તથા અનિલભાઈ ઠક્કરે પ્રતિકાત્મકરૂપે તુલસીજીના માતા-પિતા બનવાનો અને શ્રીમતી જયાબેન અને ભરતભાઈ ઠક્કરે શ્રી કૃષ્ણના માતા-પિતા બનવાનો લ્હાવો લીધેલ. જાન આગમન બાદ ગૌધુલીક મૂર્હતમાં વિવાહની દરેક વિધી શાસ્ત્રોક્ત રીતે ગોર મહારાજ દ્વારા કરાવવામાં આવેલ. તુલસીજીની વિદાયે બધાને ભાવુક બનાવી દીધેલ. સહુ જ્ઞાતિજનોએ આ પ્રસંગને ભાવભક્તિથી માણ્યા બાદ સમૂહ મહાપ્રસાદનો પણ લાભ લીધેલ.

**સંકલન : રમણીક જોબનપુત્રા**

## રાજકોટ

### પ્રવિણભાઈ કોટકના જન્મદિવસ નિમિત્તે સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓ માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

વિશ્વના ૨૫ લાખ જેટલા રઘુવંશીઓની પ્રતિનિધિત્વ કરતી ૧૧૦ વર્ષ જૂની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત અધ્યક્ષ, પશ્ચિમભારતના જાણીતા બિલ્ડર, ઇસ્કોન ગ્રુપના ચેરમેન શ્રી પ્રવિણભાઈ કોટકનું જીવન અને કવન સુગંધીમય રહ્યું છે. વ્યવસાયની સફળતા સાથે તેઓ સામાજીક, સેવાકીય અને ધાર્મિક ક્ષેત્રે સતત સક્રિય રહ્યાં છે. જ્ઞાતિએ સોંપેલું કામહોય કે સરકારે સોંપેલી ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામવિકાસ બોર્ડના ચેરમેન તરીકેની જવાબદારી હોય તેમણે પોતાની કર્મઠતા, મહેનત, જવાબદારી, સંપર્કો અને સંબંધોથી શ્રેષ્ઠ પરિણામો મેળવ્યા છે. તા. ૨૧ નવેમ્બરના રોજ પ્રવિણભાઈ કોટકનો જન્મદિનની સેવામય ઉજવણી કરવાનો સંકલ્પ શ્રી લોહાણા મહાપરિષદના રાજકોટ ખાતેના અગ્રણીઓએ કર્યો હતો. સામાન્ય રીતે રક્તદાન કેમ્પો ખૂબ ઓછા, નહીંવત થતાં હોય રક્તની ખૂબ જ ખેંચ ઊભી થતી હોય છે. સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમિયા પીડીત બાળકોને રક્તની અછત ન પડે, તેમજ તેમનું જીવન બચે તેવા ઉમદા અને પવિત્ર આશયથી અને સામાજીક ઉત્તરદાયીત્વના ભાગરૂપે શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, મિતલ ખેતાણીના તથા શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (જૂનો કૂવાડવા રોડ, સદગુરુ આશ્રમરોડ, રાજકોટ) ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીના ૫૪મા જન્મદિને ૫૬ સ્વૈચ્છિક રક્તદાતાઓએ રક્તદાન કરી અમૂલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમિયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત્ત બન્યા હતાં. આ પ્રસંગે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરિત થેલેસેમીયા નાબૂદી અભિયાનને વેગવંતુ રાખી, થેલેસેમિયા મેજર બીમારીને સંપૂર્ણપણે જાકારો કટીબદ્ધ અભિયાનના ભાગરૂપે શ્રી લોહાણા મહાપરિષદની થેલેસેમિયા સમિતિના અધ્યક્ષ ડૉ. રમેશભાઈ ભાયાણી દ્વારા થેલેસેમિયા નાબૂદી સંદર્ભે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલની રક્તની જરૂરિયાતની ઝોળી રક્તદાન કરી છલકાવી દેવા તથા પ્રવિણભાઈ કોટકના જન્મદિનની સેવામય ઉજવણી કરવા શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, મિતલ ખેતાણી, નિતીનભાઈ રાયચુરા, સુરેશભાઈ ચંદારાણા, શૈલેષભાઈ ગણાત્રા, યોગેશભાઈ પુજારા, અશોકભાઈ હિંડોચા, આન ઓટોમોબાઈલ્સના શ્યામભાઈ રાયચુરા સહિતના અનેક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

**સંકલન : મિતલ ખેતાણી**

### દિવાળીના તહેવારોમાં રક્તની અછત ન પડે તે માટે સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં રક્તદાન કેમ્પો ખૂબ ઓછા – નહીવત થતાં હોય દિવાળી સમયે રક્તની ખૂબ જ ખેંચ ઊભ થતી હોય છે. સીવીલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમિયા પીડીત બાળકોને દિવાળીના તહેવારોમાં રક્તની અછત ન પડે, તેમજ તેમનું જીવન બચે તેવા ઉમદા અને પવિત્ર આશયથી અને સામાજીક ઉત્તરદાયીત્વના ભાગરૂપે શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીઓ શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, મિતલ ખેતાણીના માર્ગદર્શનમાં સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંકના અને રાજકોટ લોહાણા મહાજનના ચંદ્રકાન્તભાઈ તન્નાના અને પિંકેશ તન્ના, કલ્પેશ બગડાઈના સહકારથી ત્રિમૂર્તી બાલાજી મંદિર, મોદી સ્કૂલની બાજુમાં, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રક્તદાન શિબિરનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં રક્તદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત્ત બનવા માટે અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદની થેલેસેમિયા સમિતિના અધ્યક્ષ ડૉ. રમેશભાઈ ભાયાણી દ્વારા થેલેસેમિયા નાબૂદી સંદર્ભે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. ૮૮ સ્વૈચ્છિક રક્તદાતાઓએ દિવાળીના પર્વ નિમિત્તેની સિવિલ હોસ્પિટલની જરૂરિયાતની ઝોળી રક્તદાન કરી છલકાવી દીધી હતી. રક્તદાન થકી દિવાળી પર્વની સેવામય ઉજવણી કરી હતી. આ રક્તદાન કેમ્પમાં શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, મિતલ ખેતાણી, યોગેશભાઈ પુજારા, અશોકભાઈ હિંડોચા સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સંકલન : મિતલ ખેતાણી**

## આણંદ

### શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન દ્વારા પૂ. જલારામબાપાની જન્મજયંતિની ઉજવણી

પૂજ્ય શ્રી જલારામબાપાની ૨૧૬મી જન્મજયંતિની તા. ૧૮-૧૧-૨૦૧૫ને બુધવારના રોજ શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન – આણંદ એ અમૃતવાડીમાં ઉજવવાનું આયોજન કરેલ. જલારામજયંતિના મહાપ્રસાદના દાતા ગો.વા. કાન્તાબેન હિરાલાલ ઠક્કર અને ગો.વા. હીરાલાલ ત્રિકમજી ઠક્કર (મહેમદાવાદવાળા) સહ પરિવાર છે. આ પ્રસંગે શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ તરફથી ભોજનનો કાર્યક્રમ સાંજે ૫ થી ૬ દરમ્યાન રાખેલ હતો. જલારામ બાપાની આરતી સાંજે ૬.૩૦ કલાકે અને પ્રસાદનો સમય સાંજે ૭.૦૦ કલાકે રાખેલ હતો.

**સંકલન : નરેન્દ્ર માણેક**

## મુંબઈ

### કતીરા પરિવાર દ્વારા યોજાયેલ ભાગવત સપ્તાહ ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન

શ્રી મુલજી કેશવજી કતીરા (કોટેશ્વરવાળા) પરિવાર દ્વારા કુળદેવી શ્રી વાંકલ માતાજીની અસીમકૃપાથી સ્વ.અ.સૌ. રમાબેન મુલજી કતીરા અને સમસ્ત પિતૃદેવોના મોક્ષાર્થે તથા પરિવારના આત્મ કલ્યાણ માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન તા. ૧૩ નવેમ્બરથી ૨૦ નવેમ્બર ૨૦૧૫ સુધી દયાનંદ શાળા ગ્રાઉન્ડ (મુલુંડ)માં કરવામાં આવ્યું હતું. સાંદીપની વિદ્યાનિકેતન – પોરબંદરના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી શ્યામભાઈ ઠાકર વ્યાસપીઠ પર બિરાજમાન હતા. જેમના જ્ઞાનામૃતને કતીરા પરિવાર, તેમના સગાસંબંધી અને આમંત્રિત મહેમાનોએ મોટી સંખ્યામાં માણ્યો હતો. શાળાનું પરિસર ગોકુળધામ બની ગયું હતું. આ જ્ઞાનયજ્ઞ દરરોજ સવારના ૯થી ૧૨ અને બપોરે ૩થી ૬ એમબે સત્રમાં હતું. મુખ્ય આચાર્ય પંડિત અશોક શિવજી જોષી હતા. દરરોજ સવારના ૭.૩૦થી ૮.૩૦ સુધી ૨૩ પોથીઓના શાસ્ત્રીય પૂજનમાં અને સાંધ્ય પોથી આરતીમાં બધા જ પરિવારજનોની હાજરી ધ્યાનાકર્ષક હતી.

**સંકલન : લાલજી સર કતીરા**

### શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા કાજલ ઓઝા વૈદ્યનું પ્રવચન યોજાયું

'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે સમગ્ર રાષ્ટ્રે જેમના જન્મદિવસની ઊજવણી કરી એવા ભારતના આધુનિક ચાણક્ય લોખંડી પુરુષ અખંડ ભારતના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ શનિવાર તા. ૩૧ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ દ્વારા વિશિષ્ટ રીતે ઉજવાઈ હતી. સુખની તલાશમાં રહેલા સમાજને પોતાની પ્રખર વાણી દ્વારા પારિવારિક સમસ્યાઓનો અહેસાસ કરાવી એને હળવી કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં જાણીતા પ્રખર સાહિત્યકાર કાજલ ઓઝા વૈદ્યના વક્તવ્ય 'સુખ સહેલું નથી' નો લાભ હકડેઠઠ ભરાયેલા પદ્માવતી બેંક્વેટ હોલના શ્રોતાઓએ લીધો હતો. ઉપરના હોલમાં પણ સ્ક્રીનની સગવડ પ્રકાશ ચંદે દ્વારા કરવામાં આવી હતી.

**સંકલન : લાલજી સર કતીરા**

## કોઠારા

### શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા પૂ. જલારામ બાપાની ૨૧૬મી જયંતિની ઉજવણી

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા પૂ. જલારામ બાપાની ૨૧૬મી જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ. સવારના પૂ. જલારામ બાપાની પુજનવિધિ જલારામ યુવક મંડળના સભ્યો કેવલ ધિરાવાણી, ચિરાગ રૂપારેલ, મીર ધિરાવાણી, ધવલ ભગદે, જયમીન સ્વાર, દિપેશ સ્વાર, સત્યમ, શિવમઅને ઓમ ધિરવાણીને જયેશભાઈ જોષીએ કરાવી હતી. ઉજવણી પ્રસંગે જલારામમંદિરમાં જલારામ બાપાની રંગોળી સંપર્ધા યોજાયેલ જેમાં ભાવિકા ધિરાવાણી, વૈદેહી સ્વાર, પ્રિયંકા ભગદે, દિક્ષિતા અનમ વગેરે ભાગ લીધેલ. સાંજે દરિયાસ્થાન મંદિરમાં જલારામ યુવક મંડળ આયોજિત ભાઈઓ–બહેનો માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ ત્યારબાદ ૬.૦૦ વાગે રવાડી ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. પુ. જલારામ બાપાના ગુણગાન, ભજનકીર્તન, ધુનથી ગામની શેરીઓ ગુંજી ઊઠી હતી. અનેક ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

**સંકલન : પ્રાણજીવન ગણાત્રા**

## માંડવી

### શ્રી માંડવી લોહાણા મહાજન ઉપક્રમે પ. પૂ. સંતશ્રી જલારામ બાપાની જન્મ જયંતિની ઉજવણી

શ્રી માંડવી લોહાણા મહાજનના ઉપક્રમે માંડવી મધ્યે પ.પૂ. સંતશ્રી જલારામ બાપાની ૨૧૬મી જન્મ જયંતીની ધામધૂમપૂર્વક અને ઉત્સાહથી યોજવામાં આવેલ. સવારે પૂ. જલારામ બાપાના મંદિરે આરતી અને સેવાપૂજા વિધિ પૂ. જલારામ જયંતીના સમુહ પ્રસાદના કાયમી સહયોગી દાતા પરિવારના ગં.સ્વ. સાવીત્રીબેન વલ્લભદાસ વેલજી ચોથાણી, શ્રી મહેન્દ્રભાઈ ચોથાણી તથા જ્ઞાતિપ્રમુખ શ્રી હરિશભાઈ ગણાત્રા, ઉપપ્રમુખશ્રી શશીકાંતભાઈ ચંદે, મંત્રીશ્રી જયેશભાઈ સોમૈયા, ખજાનચી શ્રી કિશોરભાઈ ભીંડે, શ્રી દિનેશભાઈ કોટક, શ્રી અનિલભાઈ તન્ના, શ્રી દિપકભાઈ સોનાઘેલા, શ્રી હસમુખભાઈ ઠક્કર, દિપલ પલણ તથા જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**સંકલન : જયેશ સોમૈયા**

# શાબાશ રઘુવંશી



ઉત્તર ગુજરાતમાં રાધનપુર ખાતે અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં સહજ હિસ્સો બન્યા તેવા સ્વ.શ્રી હિંમતલાલ મુલાણીના સુપુત્ર શ્રી મહેશભાઈ મુલાણીએ તાજેતરમાં જ ડોક્ટરેટની ડિગ્રી મેળવી પોતાના લક્ષ્ય અને કૌશલ્યને એક નવી ઊંચાઈ આપી છે. શ્રી લોહાણા મહાપરિષદની કેળવણી સમિતિ જાજરમાન બની છે અને આપ થકી આ સમિતિ દ્વારા વિશેષ આયોજનો થાય તેવી શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન....ડો. મહેશ મુલાણી

(અધ્યક્ષ : કેળવણી સમિતિ)
શ્રી લોહાણા મહાપરિષદ



ધવલભાઈ છેલ્લા ૧૪ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વનું કામકરી રહ્યા છે. તેમણે ભારત, યુ.એસ.એ., યુ.કે., ઓમાન, મોરેશિયસ, કુવૈત, નેપાળ, સિંગોપાર, શ્રીલંકા અને યુ.એ.ઈ. જેવો દેશોમાં ૩૪૫ અલગ અલગ શાળાઓમાં ૧૨,૦૦૦ શિક્ષકો તેમજ ૧૦,૦૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગણિતનું જ્ઞાન આપ્યું છે. તેમણે કુલ પાંચ પુસ્તકો લખ્યા છે જેનો વિશ્વની ૧૪ અલગ અલગ ભાષામાં અનુવાદ થયો છે. મુંબઈ સમાચાર દૈનિકમાં તેમનું સુડોકુ છેલ્લા નવ વર્ષથી પ્રસિદ્ધ થાય છે. વર્ષ ૨૦૧૩માં અમદાવાદમાં 'શ્રી લોહાણા મહાપરિષદ આંતરરાષ્ટ્રીય અધિવેશન'માં તેમને 'શ્રેષ્ઠ લોહાણા યુવા પ્રતિભાનો' એવોર્ડ પણ મળ્યો હતો. ગિનેસ બુકમાં વિશ્વ રેકોર્ડ કરવા બદલ ધવલભાઈને શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.




## હાર્દિક અભિનંદન

**ગત દિવસોમાં ગુજરાત રાજ્યમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વિજેતા થયેલા તમામ રઘુવંશી ઉમેદવારોને શ્રી લોહાણા મહાપરિષદ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે અને આવનારા દિવસોમાં સંગઠનના ક્ષેત્રે તેમજ તમામ નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવે તે માટે સંનિષ્ઠ પ્રયત્નો થાય અને આપના પ્રયત્નો યશસ્વી બને તેવી શુભેચ્છા પાઠવે છે.**

શ્રી મૂળજીભાઈ માધવજીભાઈ ઠક્કર - સુરત, શ્રીમતી આશાબેન કે. હાલાણી - સાણંદ, શ્રી શંકરભાઈ કતીરા - ડીસા, શ્રી નિલેશભાઈ ઠક્કર - ડીસા, શ્રીમતી ઉષાબેન એ. ઠક્કર - ડીસા, શ્રી જીતુભાઈ સોમાણી - વાંકાનેર, શ્રીમતી ઉષાબેન ઠક્કર - વાંકાનેર, શ્રીમતી મનીષાબેન જશવંતભાઈ ઠક્કર - પાટણ, શ્રી લાલેશભાઈ ઠક્કર - પાટણ, શ્રીમતી મંજુલાબેન ભોગીલાલ ઠક્કર - પાટણ, શ્રી મનીષભાઈ રાડીયા - રાજકોટ, શ્રી અતુલભાઈ રાજાણી - રાજકોટ, શ્રી કમલેશભાઈ મિરાણી - રાજકોટ, શ્રીમતી રેખાબેન ચંદુલાલ ઘેલાણી - ધ્રાંગધ્રા, સુશ્રી સુશીલાબેન પ્રભુલાલભાઈ આચાર્ય - ભૂજ, સુશ્રી જીજ્ઞાબેન જીજ્ઞેશભાઈ ઠક્કર - ભૂજ, શ્રીમતી મીનાબેન દિપકભાઈ ચંદે - ભૂજ, શ્રીમતી ગોદાવરીબેન કાંતીલાલ ઠક્કર - ભૂજ, શ્રીમતી બિંદીયાબેન મેહુલભાઈ ઠક્કર - ભૂજ, શ્રી ધિરેન ભાનુભાઈ ઠક્કર - ભૂજ, શ્રી ભરતભાઈ રાણા - ભૂજ, શ્રીમતી હર્ષાબેન કે. ઠક્કર - અંજાર, શ્રીમતી જયશ્રીબેન ડી. ઠક્કર - અંજાર, શ્રી પ્રકાશભાઈ પી. કોડરાણી - અંજાર, શ્રી હેમાંગ છગનલાલ કાનાણી - માંડવી, શ્રીમતી સુજાતાબેન મનુભાઈ ભાયાણી - માંડવી, શ્રીમતી વૈશાલીબેન મનોજભાઈ ગણાત્રા - માંડવી, શ્રી ધનસુખભાઈ મીરાણી - ગાંધીધામ, શ્રીમતી ગીતાબેન ભૂપેન્દ્રભાઈ ગણાત્રા - ગાંધીધામ, શ્રીમતી દક્ષાબેન હિતેશભાઈ બારૂ - નખત્રાણા, શ્રી અશ્વિનભાઈ વિસનજી રૂપારેલ - નખત્રાણા, શ્રી રાજુભાઈ વી. પલાણ - અંજાર, શ્રી કાન્તીભાઈ રામજીભાઈ ઠક્કર - રાપર, શ્રી ભરતભાઈ ઠક્કર - ભચાઉ, શ્રી પંકજભાઈ મજીઠીયા - પોરબંદર, શ્રીમતી નિર્મલાબેન પુરુષોત્તમભાઈ કારીયા - પોરબંદર, શ્રીમતી જશ્મીનાબેન મોદી - પોરબંદર, શ્રી સરજુભાઈ કારીયા - પોરબંદર, શ્રીમતી કિર્તીબેન સામાણી - પોરબંદર, શ્રીમતી સરોજબેન કક્કડ - પોરબંદર, શ્રીમતી ઉષાબેન કે. કંટારીયા - જામનગર (દરેક સભ્યોના ફોટા ડાબેથી જમણે આગળના પાના પર ક્રમશઃ છાપેલ છે.)















**બાકીના ફોટાઓ પ્રાપ્ત થયે આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.**

RNI NO. : GUJ/GUJ/2011/44815

'Registered under Postal Registration No. AHD-C/11/2013-2015 valid upto 31st December-2015 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th December 2015

( Govt. Recog. )

# MUKTAJIVAN

A GROUP OF EDUCATION

## MUKTAJIVAN ENGLISH SCHOOL

Pre-Primary, Primary, Secondary, Higher Secondary, ( Sci.-Com. )

Nr. Avkar Hall, Maninagar, Ahmedabad. Ph : 25441122

## MUKTAJIVAN VIDYALAYA

Pre-Primary, Primary, Secondary, Higher Secondary, ( Sci.-Com. )

Opp. Samrat Nagar, Isanpur, Ahmedabad. Ph : 25730333

## MUKTAJIVAN SCIENCE SCHOOL

11th & 12th Science ( Eng. & Guj. Medium )

Nr. Muktajivan Vidyalaya, Isanpur, Ahmedabad. Ph : 25730414



*Best compliments from...*

**Harish Thakkar - Ahmedabad**

Joint Secretary
Shree Lohana Mahaparishad
M. 9825038336

**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Himanshubhai Thakkar (Incharge)
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380015 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)